આજનો સુવિચાર

પરમાત્માની શકિત અપાર છે, માત્ર આપણી શ્રધ્ધા જ અલ્પ હોય છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૭ જૂનાગઢ તા. ૨૩-૧૨-૨૦૨૨ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

## ચીનમાં કોરોનાનાં રોજનાં ૧૦ લાખ કેસ

### સમાન સ્થિતિ રહી તો જાન્યુઆરીમાં દૈનિક ૩૭ લાખ અને માર્ચમાં રોજનાં ૪૨ લાખ કેસ નોંધાશે

બૈજીંગ તા. ૨૩

ચીનમાં કોરોનાને કારણે સ્થિતિ અત્યંત ખરાબ થઈ રહી છે. લંડનસ્થિત ગ્લોબલ હેલ્થ ઈન્ટેલિજન્સ કંપની એરફિનિટીનું કહેવું છે કે ચીનમાં દરરોજ ૧૦ લાખ કોરોના દર્દીઓ સામે આવી રહ્યા છે તેમજ ૨૪ કલાકમાં પાંચ હજાર મોત થયા છે. જો આવી જ સ્થિતિ રહેશેતો જાન્યુઆરીમાંદૈનિક કેસ વધીને ૩૭ લાખ ઉપર પહોંચી જશે, જ્યારે માર્ચમાં આ આંકડો ૪૨ લાખ હશે.

જોકે ચીનના સત્તાવાર આંકડાઓમાંબુધવારે માત્ર ૨,૯૬૬ નવા કેસ અને ૧૦ લોકોનાં મોત જ નોંધાયાં છે. આ પહેલાં એરફિનિટીએ પોતાના અનુમાનમાં જણાવવામાં આવ્યું હતું કે ચીનમાં ઝીરો કોવિડ પોલિસી ખતમ થયા બાદ ૨૧ લાખ લોકોનાં મોત થઈ શકે છે. વિશ્વભરમાં કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. કોરોનાનાડેટા ઉપરનજર રાખતી સંસ્થા વર્લ્ડમીટર અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં વિશ્વમાં કોરોનાના ૪.૯૨ લાખ કેસ નોંધાયા છે તેમજ કોરોનાને કારણે ૧૩૭૪ લોકોનાં મોત થયાં છે. જાપાનમાં છેલ્લા ૨૪ કલાકમાંસૌથી વધુ ૧.૮૪ લાખ કેસ નોંધાયા છે. જ્યારે અમેરિકામાં ૪૩૨૬૩, ફ્રાન્સમાં ૪૯૫૧૭, બ્રાઝિલમાં ૪૩૩૯૨, દક્ષિણ કોરિયામાં ૭૫૭૪૪ કેસ મળી આવ્યા છે.

ચીન બાદ જાપાનમાં કોરોનાનું જોખમ વધી ગયું છે. જાપાન ટાઈમ્સના અહેવાલ મુજબ, અહીં કોરનાની ૮મી લહેર આવી ગઈ છે અને ઓમિક્રોન વેરિયન્ટને કારણે છે, બાળકો મૃત્યુ પામી રહ્યાં છે. ૮ મહિનામાં ૪૧ બાળકોએ જીવ ગુમાવ્યો છે. ચીનમાં બગડતી પરિસ્થિતિએ જાપાનની ચિંતાવધારી દીધી છે.

નિષ્ણાતોનું કહેવું છે કે ઓમિક્રોનનું નવું વેરિયન્ટ જીવલેણ સાબિત થઈ શકે છે. ઓમિક્રોન અત્યારસુધીમાં ૪૧ બાળકના જીવ લઈ ચૂક્યો છે. આમાંથી ૧૫ બાળક પહેલેથીબીમાર હતાં. આ ૧૫માંથી ૪ બાળક એક વર્ષથી નાની વયનાં હતાં. બે બાળક ૧થી ૪ વર્ષની વયનાં હતાં અને ૯ બાળક ૫ વર્ષ કરતાં વધુ ઉંમરનાં હતાં.

## દેશમાં કોરોનાની સૌપ્રથમ નેઝલ વેકસીનને સરકારે મંજુરી આપી

નવી દિલ્હી તા. ૨૩

સરકારે કોરોનાની નેઝલ વેક્સિનને (નાકથી લઈ શકાય તેવી રસી)ને મંજૂરી આપી છે. ભારતબાયોટેકની નાકમાંથી લેવામાં આવેલી આ રસી બૂસ્ટર ડોઝ તરીકે લઈ શકાશે. સૌથી પહેલા તેને ખાનગી હોસ્પિટલોમાંઉપલબ્ધ કરાવવામાંઆવશે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, તેનેઆજથી જ કોરોનારસીકરણ કાર્યક્રમમાં સામેલકરવામાં આવી છે. અગાઉ, કોર્બાવેક્સને બૂસ્ટર ડોઝ તરીકે આપવાની મંજૂરી આપવામાં આવી હતી.

## ૯૮ ટકા ભારતીયોમાં કોરોના સામે લડવાની પર્યાપ્ત રોગ પ્રતિકારક શકિત

નવી દિલ્હી તા. ૨૩ :

ચીનમાં કોરોના વાયરસનો ફેલાવો શરૂ થતાં જ ભારતમાંલોકોના મનમાં લોકડાઉનની આશંકા છે. ઘણા રાજયોએ તેમના નાગરિકોને માસ્ક પહેરવાની તેમજ સામાજિક મેળાવડાને ટાળવાની સલાહ આપી છે. આ બધાની વચ્ચે IIT કાનપુરે એકઅભ્યાસમાં કહ્યું છે કેભારતની લગભગ ૯૮ ટકા વસ્તીએ કોવિડ-૧૯ સામે કુદરતી રોગપ્રતિકારક શકતિ વિકસાવી છે. એટલા માટે ગભરાવાની જરૂર નથી.

IIT કાનપુરના પ્રોફેસર મનિન્દ્ર અગ્રવાલે ક્હ્યુંકે, સંભવ છેકે કેટલાક લોકોની પ્રતિરક્ષા નબળી હોવાને કારણે કોરોનાની નવી અને નાની લહેર જોવા મળી શકે છે. આ સિવાય કોઈ સમસ્યા રહેશે નહીં. કોરોના ઉપર આધારિત ગાણિતિકમોડલના આધારે પ્રોફેસર અગ્રવાલે કહ્યું કે ભારતની તુલનામાં ચીનમાં ઓકટોબર સુધી માત્ર પાંચ ટકા વસ્તીમાં કુદરતી રોગપ્રતિકારક શકતિ હતી.' તેમણે આગળ કહ્યું, 'નવેમ્બરમાં ચીનમાં ૨૦ ટકા વસ્તીમાં કુદરતી રોગપ્રતિકારક શક્તિ હતી. નવેમ્બરથી જ કોરોનાના કેસ ઝડપથી વધવા લાગ્યા. ચીનની સરકાર ૫૦૦ માંથી માત્ર ૧ કેસની જાણ કરી રહી છે. આ કારણે ચીનમાં કોરોનાના કેસોની સંખ્યા ઓછી છે.

## કોવિડની પ્રતિકુળ અસરથી વેપાર - ઉદ્યોગને બચાવવા સરકારનાં પ્રયાસો : લોન પ્રક્રિયા ઝડપી બનાવવા બેંકો સાથે બેઠક કરશે

નવી દિલ્હી તા. ૨૩ : ભારતમાં કોરોનાના સંભવીત આક્રમણ સામે એલર્ટ બનેલી સરકારે આરોગ્ય વ્યવસ્થાઓ ગોઠવવાની સાથોસાથ વેપારઉદ્યોગનેપણ ન્યુનતમ અસર થાય તે દિશામાં પ્રયાસો શરૂ કર્યા છે. અર્થતંત્ર તથા આર્થિક ગતિવિધીઓ ઉપર કોઈ અસર ન થાય તે માટે ગોઠવણ શરૂ ક્વામાં આવી છે.

કેન્દ્ર સરકારના સુત્રોએ કહ્યું કે નાના ઉદ્યોગોના કારોબાર તથા નાણાકીય આર્થિક હાલત ઉપર ખાસ અસર ન પડે અને તેના ઉપર સતત નજર રાખવા માટે ખાસ નિષ્ણાંત જુથની રચના કરે તેવી શકયતાઓ છે. ઉપરાંત નાના ઉદ્યોગો કાર્યકારી મુડીની આગોતરી ગોઠવણ કરી શકેતે માટે તેઓને લોન આપવાની પ્રક્રિયા ઝડપી કરવા તુર્તમાં બેંકો સાથે બેઠક કરવામાં આવશે. નાણા મંત્રાલયનાં એક સીનીયર અધિકારીએ કહ્યું કે બે વર્ષ પુર્વેનાં કોરોના લોકડાઉન બાદ એમએસએમઈ એકમોની ગાડી માંડ પાટે ચડી શકી હતી તેવા સમયે ફરી વખત કોરોનાના કેસોમાં વધારો થવાના સંજોગોમાં આર્થિક કારોબાર પ્રભાવીત થાય તેમ છે.

તો ખાસ કરીને નાના ઉદ્યોગોને સૌથી મોટી અસર પડી શકે છે. સરકાર આ પ્રકારની અસર પડવા દેવા માંગતી નથી અને એટલે જ આગોતરી વ્યવસ્થા ગોઠવવા લાગી છે જેથી સમયસર વ્યવસ્થા ગોઠવી શકાય અને વેપાર ઉદ્યોગને ગંભીર અસર રોકી શકાય. એક અભ્યાસમાં એવા તારણ નિકળ્યા હતા કે નાના એકમો હજુ કોવીડના ઝટકામાંથી સંપૂર્ણપણે બહાર આવી શક્યા નથી.

અત્યાર સુધીમાં ૪૦ ટકા નાના એકમોને બેંકો કે ફાઈનાન્સ કંપનીઓએ લોન દેવાનું ટાળ્યુ છે.કારણ કે લોનના બદલામાં તેઓ કોઈ જામીનગીરી મુકી શકવાની સ્થિતિ નથી અથવા ભૂતકાળમાં ડીફોલ્ટ થયા હતા.

## દેશનાં ૪૯૫ જીલ્લામાં કોરોનાનાં શૂન્ય કેસો ૧૯૨ જીલ્લામાં સંક્રમણ ૧ ટકાથી પણ ઓછું

નવી દિલ્હી તા. ૨૩

ચીનમાં કોરોનાના પ્રકોપથી ભારત સહિત સમગ્ર વિશ્વ એલર્ટ થઈ ગયું છે. જો કે, ભારત માટે, હાલપરિસ્થિતિ એકદમનિયંત્રણમાં છે. તેનું કારણ એ છે કે દેશના ૪૯૫ જિલ્લામાં કોરોનાનો સંક્રમણ દર શૂન્ય છે. ૧૦થી૧૬ ડિસેમ્બરવચ્ચે અહીં એક પણ સેમ્પલ કોરોના સંક્રમિત જોવા મળ્યો નથી. તે જ સમયે, પાંચ જિલ્લામાંચેપ દર વધુ હોવાને કારણે, રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

આ માહિતી કોરોનાના જિલ્લાવાર સમીક્ષા રિપોર્ટમાં સામે આવી છે, જેને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા વડાપ્રધાન કાર્યાલય અને તમામ રાજયોના મુખ્યમંત્રીઓ અને મુખ્ય સચિવો સાથે શેર કરવામાં આવી છે.

રિપોર્ટ અનુસાર, દેશના ૧૯૨ જિલ્લામાં કોરોનાનો સંક્રમણ દર એક ટકાથી ઓછો છે. એવા ઘણા રાજયો છે જયાં છેલ્લા એક અઠવાડિયાથી કોઈપણ જિલ્લામાં કોરોનાનો કોઈ દર્દી દેખાયો નથી.

## એરટેલ - જિયો નવા વર્ષે ગ્રાહકોનાં ખીસ્સા વધુ ઢીલા કરશે

મુંબઈ,તા. ૨૩ : ક્રિસમસ અને નવા વર્ષને લઈને લોકોમાં ઘણો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નવાવર્ષનાંઉત્સાહને ફીકીપાડતી એક ખબર સામે આવી છે. આગામી વર્ષે ૨૦૨૩થી મોબાઈલરિચાર્જ પ્લાન મોંઘાથઈ શકે છે. ટેલીકોમ ઓપરેટરો દ્વારા ટેરિફમાં વૃદ્ધિ કરવામાં આવી શકે છે. ટેલીકમ્યુનિકેશનની દિગ્ગજ કંપનીઓ JIO અને AIRTEL રેવેન્યૂ અને માર્જિનને વધારવા માટે વર્તમાન પ્લાન્સની કિંમતોમાં ૧૦ ટકાનો વધારો કરી શકે છે. એક રિપોર્ટ અનુસાર JIO-AIRTEL સહિત અન્ય ઓપરેટરો આવનારાં ત્રણ વર્ષો સુધી એટલેકે નાણાકિય વર્ષ ૨૦૨૩-૨૪-૨૫માં સતત ટેરિફમાં ૧૦ ટકા વધારો કરવાની ઘોષણા કરી શકે છે. તેનો અર્થએ છે કેઆવનારાં ૩ વર્ષસુધી દરેકચોથીટર્મમાં મોબાઈલ રિચાર્જ પ્લાન્સની કિંમતોમાં વધારો જોવા મળી શકે છે.

## નામિબીયાથી વધુ ૧૪ ચિત્તા ભારત લાવવામાં આવશે

નવી દિલ્હી,તા. ૨૩ઃ ટૂંક સમયમાં આફ્રિકાથી વધુ ૧૨ થી ૧૪ ચિત્તા ભારતમાં લાવવામાં આવશે. કેન્દ્રીય પર્યાવરણ મંત્રી અશ્વિની ચૌબેએ રાજયસભામાં આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે આગામી પાંચ વર્ષમાં આફ્રિકાથી ૧૨ થી ૧૪ ચિત્તા ભારતમાં લાવવામાં આવશે. આ માટે ભારત સરકારે નામિબિયા સરકાર સાથે કરાર પણ કર્યો છે. તાજેતરમાં, નામિબિયામાંથી ૮ ચિત્તાઓને ભારત લાવવામાં આવ્યા હતા અને મધ્યપ્રદેશના કુનો નેશનલ પાર્કમાં છોડવામાં આવ્યા હતા. તેમાં પાંચ માદા અને ૩ નરનો સમાવેશ થાય છે. કુનોમાં સારી રીતે સ્થાયી થયા પછી, ચિત્તાઓએ પણ ત્યાં શિકાર કરવાનું શરૂ કર્યું છે. સંસદમાં માહિતી આપતા કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે પ્રોજેક્ટ ટાઈગર હેઠળ, ચિત્તાઓને ભારત પરત લાવવા માટે ૩૮.૭ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા. આ પ્રોજેક્ટ વર્ષ ૨૦૨૧/૨૨ થી શરૂ થશે અને વર્ષ ૨૦૨૫/૨૬ સુધી ચાલશે.

## રશિયાનું ઓમિયાકોન શહેર વિશ્વનું સૌથી ઠંડુ : તાપમાન માઈનસ ૫૦ ડીગ્રી

મોસ્કો,તા. ૨૩ : ઉત્તર ભારત સહિત સમગ્ર દેશમાં ઠંડી પોતાના રંગ બતાવી રહી છે. કડકડતી ઠંડીથી લોકો પરેશાન છે, પરંતુ અમને ઠંડીનો સામનો કરવો પડ્યો નથી. રશિયાનું ઓમ્યાકોન શહેર વિશ્વનું સૌથી ઠંડું વસવાટ ધરાવતું ભાગ છે. શિયાળામાં અહીં બરફ જમા થાય છે. લોકો વાહનોને ૨૪ કલાક ચાલુ રાખે છે. વ્યાયામ કરવાની પણ મનાઈ છે કારણ કે આવીઠંડીમાં પરસેવો મૃત્યુ લાવી શકે છે. સાઈબિરીયામાંયાકુટ્યા પ્રદેશપાસેના આ શહેરમાં છેલ્લે ૫૦૦ લોકોની વસ્તી નોંધવામાં આવી હતી. શિયાળામાં ૨૧ કલાકથી વધુ સમય સુધી રાત્રિ જેવા ગાઢઅંધકારમાં ડૂબેલુંરહેલું ઓમ્યાકોન હંમેશા વિશ્વ માટે આકર્ષણ અને રહસ્યોનું કેન્દ્ર રહ્યું છે. વિશ્વના સૌથી ઠંડા ભાગમાં લોકો કેવી રીતે જીવશે શું તેઓ પણ અમારી જેમ પ્રેમ કરશે અને ગુસ્સે થશે કે પછી લાગણીઓ ઠંડીમાં થીજી જશે. આ સમજવા માટે, સંશોધકોની ટીમ ઘણી વખત ત્યાં ગઈ હતી પરંતુ કોઈ પરિણામ વિના પાછી ફરી હતી.

ઈન્ડીયન મેડીકલ એસોસીએશને એડવાઈઝરી જાહેર કરી

## તાવ, ઉધરસ, ઝાડા, ગળામાં દુખાવો હોય તો તાત્કાલીક ડોકટરની સલાહ લેવી

નવી દિલ્હી તા. ૨૩

ઈન્ડીયન મેડિકલ એસોસિએશને પોતાની એડવાઈઝરીમાં કહ્યું છે કે જાહેર સ્થળે લોકો માસ્કનો ઉપયોગ કરે, સોશિયલ ડિસ્ટેન્સિંગનું પાલન કરે, બહારથી આવ્યા બાદ સાબુ કે સેનેટાઈઝરથી હાથ સાફ કરે અને બીજા કોવિડ પ્રોટોકોલનું પાલન કરે. આમ કરવાથી કોરોના વાયરસનો ફેલાવો રોકી શકાય છે.લોકોને રેલીઓ, લગ્ન સમારોહ અને બીજા કોઈ સામાજિક કાર્યક્રમોથી દૂર રહેવાની સલાહ આપી છે. દુનિયાભરમાં કોરોનાના વધતા પ્રકોપને જોતા આઈએમએએ લોકોને એલર્ટ કર્યા છે અને આ ગાઈડલાઈનને ફોલો કરવાની અપીલ કરી છે.

ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈએમએ) એ કહ્યું કે જો કોઈ વ્યક્તિને તાવ, ગળામાંદુખાવો, ઉધરસ, ઝાડાઅને લૂઝ મોશન હોય તો તેણે તાત્કાલિક ડૉક્ટરની સલાહ લેવી જોઈએ. અત્યારેભારતમાંચિંતાજનકસ્થિતિ નથી, પરંતુ નિવારણ અને સારવારથી વાયરસને વધતો અટકાવી શકાય છે. તબીબોએ લોકોનેબદલાતી મોસમમાંસાવધાન રહેવાની સલાહ આપી છે.

## રશિયાનાં રાષ્ટ્રપતિ પુતિન ઢીલા પડયા યુક્રેન સાથે યુધ્ધ ખતમ કરવા ઈચ્છા દર્શાવી

મોસ્કો તા. ૨૩

વિશ્વ માટે એક સારા સમાચાર મળી રહ્યાના સંકેત છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સકીની અમેરીકાની મુલાકાત વચ્ચેરશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનનું યુદ્ધને લઈનેનિવેદન આવ્યું છે. તેમણે ક્હ્યું કે રશિયા હવે યુક્રેનમાં યુદ્ધ ખતમ કરવા માંગે છે, પરંતુ તેના માટે રાજદ્વારીઉકેલ શોધવો પડશે. પુતિને કહ્યું કે અમારું લક્ષ્ય આ સંઘર્ષને સમાપ્ત કરવાનું છે. અમે આ માટે પ્રયત્નશીલ છીએ અને પ્રયત્નશીલ રહીશું. તેથી અમે ખાતરી કરવાનો પ્રયાસ કરીશું કેઆ બધું સમાપ્ત જેટલું વહેલું થાય એટલું સારું. જો કે, પુતિનની ટિપ્પણીઓને યુક્રેન અને તેના સાથીઓદ્વારાશંકાસ્પદતા સાથે મળી છે. રશિયન પ્રમુખે કહ્યું કે યુક્રેનમાં સંઘર્ષનો વહેલો અંત અનિવાર્યપણે રાજદ્વારી ઉકેલનો સમાવેશ કરશે. તે જ સમયે વ્હાઈટ હાઉસના પ્રવક્તા જોન કિર્બીએ કહ્યું કે પુતિને સંકેત આપ્યા છે કે તેઓ વાતચીત માટે તૈયાર છે. ૨૪ ફેબ્રુઆરીએ યુક્રેન ઉપર રશિયાના આક્રમણ સાથે શરૂ થયેલા યુદ્ધનો અંતહજુ દૂરજણાય છે. તે (પુતિન) જમીન ઉપર અને હવામાં જે કંઈ કરી રહ્યા છે તે એકવ્યક્તિની છબી બનાવે છે જે યુક્રેનિયન લોકો સામે હિંસા ચાલુ રાખવા અને યુદ્ધને વધારવા માંગે છે.

## વિદેશથી આવતા મુસાફરો માટે સરકારે ગાઈડલાઈન જાહેર કરી

નવી દિલ્હી,તા. ૨૩: વિશ્વભરમાં કોરોનાના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને એક મોટો નિર્ણય લેતા કેન્દ્ર સરકારે આંતર રાષ્ટ્રીય ફલાઈટમાંથી આવતા મુસાફરોનારેન્ડમ કોરોના ટેસ્ટીંગની જાહેરાત કરી છે. સરકાર દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ પ્રક્રિયા ૨૪ ડિસેમ્બરથી શરૂ થશે. શરૂઆતમાં માત્ર ૨ ટકા મુસાફરોનું પરીક્ષણ કરવામાં આવશે. જેમાં અલગ-અલગ દેશોના મુસાફરોનું ટેસ્ટીંગ કરવામાં આવશે.

ચીન સહિત વિશ્વના ઘણા દેશોમાંકોવિડના ઝડપથી વધી રહેલા કેસોને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે નાગરિક ઉડ્ડયન મંત્રાલયને પત્ર લખ્યો છે. આ પત્રમાં લખવામાં આવ્યું છે કે દરેક ફલાઈટમાં આવનારા મુસાફરોમાંથી બે ટકા મુસાફરોનું એરપોર્ટ ઉપર રેન્ડમટેસ્ટીંગ કરવામાં આવશે. કયા મુસાફરોનું પરીક્ષણ કરવામાં આવશે, તે સંબંધિત એરલાઈન્સ દ્વારા નક્કી કરવામાં આવશે.

## જાપાનમાં કોરોનાને કારણે બાળકોનાં મૃત્યુનાં કેસમાં વધારો

ટોક્યો તા. ૨૩

જાપાનમાં કોરોનાથી સંક્રમિત ઘણાબાળકોનામોત થયાછે. જાપાન ટાઈમ્સના અહેવાલ મુજબ અહીં પણ ઓમિક્રોન વેરિઅન્ટનુંસંક્રમણ જોવા મળી રહ્યું છે. તાજેતરના કેસોના સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે લગભગ અડધા શિશુઓ અને બાળકોકે જેઓ કોવિડ-૧૯થીમૃત્યુ પામે છે તેમને પહેલાથી કોઈ પણ અન્ય પ્રકારની બીમારી નથી, નિષ્ણાતો વાયરસના નવા પ્રકારો વિશે ચિંતા વ્યક્ત કરી છે. જાપાનમાં પેરાસિટામોલ જેવી આવશ્યક દવાઓની પણ અછત ઊભી થઈ છે.

## છેલ્લા ૬ વર્ષમાં બેંકોને રૂા.૧૧.૧૭ લાખ કરોડનો ધુંબો લાગ્યો

નવી દિલ્હી તા. ૨૩

દેશની બેંકોએ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ સુધી છેલ્લા ૬ વર્ષમાં રૂા. ૧૧.૧૭ લાખ કરોડની બેડ લોનને રાઈટ ઓફ કરી છે. આ માહિતી નાણા રાજ્ય મંત્રી ભગવત કરાડ દ્વારા લેખિત જવાબમાં સંસદમાં આપવામાં આવી હતી. છેલ્લા ૬ વર્ષનો ડેટા રજૂ કરતા નાણા રાજ્ય મંત્રીએ કહ્યું કેછેલ્લા ૬ વર્ષમાં બેંકોએ કુલ ૧૧.૧૭ લાખ કરોડ રૂપિયાની બેડ લોનને રાઈટ ઓફ કરી છે અને આ બેલેન્સ વહીખાતામાંથી કાઢી નાખ્યું છે. આ સાથેવિલફુલ ડિફોલ્ટર્સની સંખ્યામાં પણ છેલ્લા પાંચ વર્ષમાં પાંચ હજારથી વધુનો વધારો થયો છે.

અમેરીકામાં ઘુસણખોરીનો પ્રયાસ કરનાર ગુજરાતી પરીવારનો માળો વિખાયો

## અમેરીકામાં ૩૦ ફૂટ ઉંચી ટ્રમ્પ વોલ ઉપરથી પટકાતા કલોલનાં યુવાનનું મોત : પત્ની - પુત્ર ગંભીર

ગાંધીનગર તા. ૨૩

અમેરિકામાં પહોંચવાની લ્હાયમાં અનેક વખત કેટલાય પરિવારો વિખેરાયા છે. ત્યારે ગેરકાયદેસરરીતે અમેરિકામાં ઘૂસણખોરી કરવા જતા વધુ એક ગુજરાતીપરિવાર તહસનહસ થયો છે. જેમાં ગાંધીનગરના કલોલનો પરિવાર ત્રણ વર્ષના પુત્ર સાથે મેક્સિકોથી અમેરિકામાં ગેરકાયદેસર પ્રવેશવા પ્રયાસ કરી રહ્યો હતો. આ દરમ્યાનઆ ત્રણેય સભ્યો ટ્રમ્પ વોલ તરીકે ઓળખાતી ૩૦ ફૂટ ઊંચી દિવાલ ઉપરથી પટકાતાંબ્રીજકુમાર નામના યુવકનું મોત થયું છે. તેમજ તેની પત્ની અને માસૂમ પુત્રને ગંભીરઈજા પહોંચી છે.

કલોલની જીઆઈડીસીમાં નોકરી કરતા બ્રિજકુમાર નામના યુવકને અમેરિકા જવું હતું. જેથી એજન્ટ થકી થોડા દિવસ પહેલા યુવક તેની પત્નીઅને માસૂમબાળક સાથે અમેરિકા જવા નિકળ્યો હતો. કેનેડામાં હાલ ભારે હિમવર્ષા થતી હોવાથી એજન્ટો મેક્સિકોથી ઘૂસણખોરી કરાવેછે. મેક્સિકો અને અમેરિકાવચ્ચે બનાવવામાંઆવેલી ટ્રમ્પ વોલથી એજન્ટો લોકોને અમેરિકામાં ઘૂસાડી રહ્યા છે. બ્રિજકુમાર અને તેનો પરિવાર પણ ટ્રમ્પ વોલ ખાતે પહોંચ્યો હતો.

આ દરમ્યાન અંદાજે ૩૦ ફૂટ ઊંચીદિવાલનેકૂદતા જઅમેરિકામાં પ્રવેશી શકાય તેમ હતું. ત્યારે ઉત્સાહ સાથે બ્રિજ કુમાર તેની પત્ની અને ત્રણ વર્ષના પુત્ર સાથે ૩૦ફૂટ ઊંચી દિવાલ ઉપર ચડ્યા હતા. દિવાલ ઉપરથી કોઈ કારણસર બ્રિજકુમાર, તેની પત્ની અને માસૂમ પુત્ર નીચે પટકાયા હતા. જેથી માથામાં ગંભીરઈજા પહોંચતા બ્રિજકુમારનું સ્થળ ઉપર જ મોત થયું હતું. જ્યારે તેની પત્ની અને ત્રણ વર્ષનો પુત્ર મેક્સિકોની હોસ્પિટલમાં ગંભીરહાલતમાં સારવાર લઈ રહ્યા છે. એવી પણ ચર્ચાચાલી રહી છે કે, એજન્ટે ૪૦ લોકોના ગ્રુપને મેક્સિકોના રસ્તેથી અમેરિકા પહોંચાડવા માટે મોકલ્યું હતું. આ ગ્રુપમાંથી વિખૂટા પડી જવાથી કે અન્ય કોઈ કારણસર કલોલનો પરિવાર દિવાલ ઉપરથી પટકાયો અને અકસ્માતનો ભોગ બન્યો હતો.

## અમેરીકામાં હિમવર્ષા : ૩૮૦૦ ફલાઈટ રદ

ન્યૂયોર્ક તા. ૨૩ : અમેરીકામાં ભારે હિમવર્ષા અને ઠંડું તાપમાનને કારણે ગુરૂવાર અને શુક્રવારે ૩,૮૦૦ થી વધુ ફલાઈટ્સ રદ કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી મુજબ, અમેરિકન એરલાઈન્સે ગુરૂવાર અને શુક્રવારેયુએસની ૩,૮૦૦થી વધુ ફલાઈટ્સ રદ કરી છે. આ સાથેકેટલીક ટ્રેન સેવાઓ પણ રદ કરવામાં આવી હતી.

વેચવાનું છે

જૂનાગઢનાં ભરચક વિસ્તાર એવા બસસ્ટેશન વિસ્તારમાં દાંતનું દવાખાનું / ઓફીસલાયક જગ્યા, પહેલી જ નજરમાં પસંદ પડી જશે. વહેલો તે પહેલો

મો. ૯૮૭૯૫ ૪૦૯૭૦

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત.. ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન




ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

# જૂનાગઢમાં લીવરનાં સ્વાસ્થ્યની તપાસ માટે આવતીકાલે વિનામૂલ્યે કેમ્પ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢમાં લીવરનાં સ્વાસ્થ્યની તપાસ માટે આવતી કાલે ડો. દિપક ચુડાસમાનાં કલીનીકમાં યોજવામાં આવી રહેલ છે. જેનો લોકોએ લાભ લેવા અનુરોધ કરેલ છે. આ અંગે મળતી વિગત અનુસાર, ફાઈબ્રોસ્કેન એ એક સરળ, પીડારહિત, કોઈપણ કાપા કે ચેકા વગરની તપાસ છે જેનો ઉપયોગ લીવરના સ્વાસ્થ્યનું ચોક્કસ મૂલ્યાંકન કરવા માટે થાય છે.

આ ટેસ્ટ જૂજ જગ્યા ઉપર જ થાઈ છે. તેના માટે અમદાવાદ જવું પડે છે. આ ટેસ્ટ આશરે ૫૦૦૦ રૂા.આસપાસ થાય છે. અહીઆ ટેસ્ટ ફ્રીમાં થતો હોવાથી વહેલા તે પહેલાના ધોરણે પેશન્ટ લેવાના હોવાથી રજીટ્રેશન કરાવવું જરૂરી છે. આ કેમ્પ આવતીકાલ તા.૨૪-૧૨-૨૦૨૨ સવારે ૧૦ થી ૧ દરમ્યાન ડો. દીપક ચુડાસમા બીજોમાળ, એપલવુડ, વિશાલા હોટેલ પાસે, બસ સ્ટેશનના બીજા ગેઈટ સામે, જૂનાગઢ ખાતે યોજવામાં આવશે. મો.૭૦૪૬૨૨૦૦૪૪ રજીટ્રેશન માટે આ નંબર ઉપર સંપર્ક સાધવા જણાવેલ છે.

ફેટી લીવર રોગ(લીવરમાં ચરબી જમાં હોય તે), આલ્કોહોલિક લીવર રોગ, હીપેટાઈટિરા બી/સી, સ્થૂળતા અને મેદસ્વીતા(જાડાપણું), અન્ય કોઈ લીવરની બીમારી, ડાયાબીટીસ, વધારે કોલેસ્ટ્રોલ રહેતું હોય, મેદસ્વીતાને લગતા બીજા રોગો હોય તે કરાવી શકે છે.

# જૂનાગઢમાં બિયારણની દુકાનમાં નોકરી કરતા વ્યકિતને જાનથી મારી નાખવાની ધમકી આપી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

ગલિયાવાડ ગામના ખેડૂતે બિયારણ ન ઉગવાની બાબતે પટેલ બીજ નિગમ નામની દુકાનના વેપારીને ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપતા વેપારીએ જૂનાગઢ બી ડીવીઝન પોલીસમાં ફરીયાદ કરી છે.

આ અંગે મળતી વિગત અનુસાર જૂનાગઢમાં આવેલા પટેલ બીજ નિગમમાંથી ગલિયાવાડ ગામના ખેડૂત રૂડાભાઈ ભારાઈને સર્ટીફાઈડ ઘઉંનાં બિયારણનું વેંચાણ કરવામાં આવ્યું હતું. જેની સાથે કહેવામાં આવ્યું હતું કે, બિયારણનો ઉગાવો ચેક કરીને બિયારણ તપાસીને જ વાવેતર કરવું. પરંતુ તેણે ચેક કર્યા વગર જ વાવેતર કર્યુ હતું. જેથી બિયારણ ઓછું ઉગતા આ બાબતે અમારી પાસે આવ્યાં હતા. જેથી અમે આ બાબતની જાણ કંપનીને કરી અને કંપનીના સ્ટાફ સાથે તપાસ કરી હતી. આમ છતાં અમે બીજીવાર બિયારણ મફત પણ આપ્યું હતું અને કહ્યું કે ફરીવાર ચેક કરીને વાવેતર કરજો. પરંતુ તા.૨૧ના બપોરના સમયે મારી પેઢીની દુકાન ઉપર હું રજત પાંભર એકલો હતો ત્યારે આ ખેડૂતે આવીને મારી સાથે બોલાચાલી કરી અને બેફામ ગાળો આપવા લાગ્યો હતો. સાથે કહ્યું કે, મારા પૈસા આપી દે. પરંતુ અમે કહ્યું કે, તમે અમારી સલાહ વિરૂદ્ધ વાવેતર કર્યુ છે અને અમે બિયારણમાં ગેરંટી આપતા નથી. ત્યારે મને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી.

બાદમાં ૧૦૦ નંબરમાં ફોન કરતા ફોન લાગ્યો નહતો. જેથી આરોપીએ કહ્યું કે, જેને બોલાવા હોય તેને બોલાવી લે પોલીસ પણ અમારૂ કાંઈ બગાડી નહીં શકે. આવું કહીને ધમકી આપી હતી. આ આરોપી સામે કાર્યવાહી કરવા રજતભાઈ દ્વારા ફરીયાદ કરેલ છે.

# માંગરોળ તાલુકાના લોએજ ગામમાં બામરોટીયા પરિવાર દ્વારા ચક્ષુદાન કરાયું



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૩

માંગરોળ તાલુકાના લોએજ ગામમા રહેતા સ્વ. હાર્દિક લખમણભાઈ બામરોટીયા (ઉ.વ.૨૦)નું તા.૨૨-૧૨-૨૦૨૨ને ગુરૂવાર, માગસર વદ ચૌદશના રોજ આકસ્મિક દુઃખદ અવસાન થયેલ છે. આ દુઃખદ સમયે આ પરિવારે અંધ વ્યક્તિના જીવનમાં અજવાળાં પથરાય તેવા હેતુથી તેઓએ તેમના ચક્ષુનુંદાન કરવાનો નિર્ણય કર્યો હતો. આથી લોએજ ગામના સામાજીક અગ્રણી મસરીભાઈ બામરોટીયાએ આરેણા સ્થિત શિવમ્ ચક્ષુદાનના સંચાલકશ્રીનો સંપર્ક કરતાં લોએજ ગામના રાજેશભાઈ સોલંકી અને રાણાભાઈ ચાંડેરા દ્વારા મૃતકના બંને ચક્ષુ લેવામાં આવ્યા હતા. જે ચક્ષુનો સ્વિકાર શિવમ્ ચક્ષુદાનના કાર્યકર પરેશભાઈ ઘેરવડા દ્વારા કરવામાં આવ્યો હતો અને કરશનભાઈ વાજા દ્વારા સ્વર્ગસ્થના બંને ચક્ષુ ડો. શાનકીની મુનિસંત બાલાજી આઈ બેંક અને હોસ્પિટલ વેરાવળ, જિ.ગીર સોમનાથને પહોંચાડવામાં આવ્યા છે. ચક્ષુદાન લેતી વખતે લોએજ ગામના સરપંચ રવિભાઈ નંદાણિયા અને લાલાભાઈ નંદાણિયા પ્રેરક ઉપસ્થિત રહ્યા હતા. બામરોટીયા પરિવારના આ મહાદાનને શિવમ્ ચક્ષુદાન આરેણા વંદન કરે છે. બામરોટીયા પરિવારના ચક્ષુદાનના આ વિચારને શિવમ્ ચક્ષુદાન-આરેણા બિરદાવે છે અને સ્વ. હાર્દિકભાઈને શ્રધ્ધાંજલી અર્પે છે. આ પરિવાર દ્વારા થયેલ આ ચક્ષુદાને આપણા પૂરાણોમાં થયેલા દાન ધર્મના મહિમાને ખરા અર્થમાં સાર્થક કર્યો છે. બામરોટીયા પરિવાર દ્વારા થયેલ આ મહાદાનને શિવમ્ ચક્ષુદાન ગૃપ-આરેણા, માંગરોળ જાયન્ટ્સ ગૃપ, વંદેમાતરમ્ ગૃપ-માંગરોળ, સ્વ.લક્ષ્મણભાઈ એ. નંદાણિયા વિવિધલક્ષી સેવાકીય ટ્રસ્ટ-માંગરોળ, સંજીવની નેચર ફાઉન્ડેશન-માંગરોળ, શ્રી ડુગરગુરૂ સ્થાનકવાસી જૈનયુવક મંડળ જૂનાગઢ, માંગરોળ તાલુકાના પત્રકારમિત્રો, ઈન્ડિયન હ્યુમન રાઈટ્સ સોસિયેશન-માંગરોળ દ્વારા બિરદાવવામાં આવે છે અને આપના પરિવાર ઉપર આવી પડેલ મુશ્કેલીને સહન કરવાની શક્તિ પ્રભુ આપને આપે તેવી પ્રાર્થના કરીએ છીએ.

# ધુનડા સતપુરાણ ધામ આશ્રમે મંગળવારે પૂ. હરીરામબાપાનો પ્રાગટયોત્સવ ઉજવાશે



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨૩

જામજોધપુરથી ૨૧ કિમીનાં અંતરે આવેલ ધુનડાનાં સત પુરાણધામ આશ્રમ ખાતે આગામી તા.૨૭ને મંગળવારનાં રોજ સંત હરીરામબાપાનાં પ્રાગટયોત્સવની પૂ.જેન્તીરામબાપાનાં સાંનિધ્યમાં ઉજવણી કરવામાં આવનાર છે. જેમાં તા.૨૬ને સોમવાર સવારથી પૂ. જેન્તીરામ બાપાની સત્સંગ સભા યોજાશે. અને મંગળવારનાં રોજ સવારે ૯ કલાકે પૂ. હરીરામબાપાની ચરણ પાદુકાનું શાસ્ત્રોકવિધિ સાથે પૂ. જેન્તીરામબાપા પૂજન કરશે. અને બાદમાં સત્સંગ દ્વારા તેમનાં ગુરૂદેવ એવા પૂ. હરીરામબાપાની સેવામાં વિતાવેલ સમય અને એમની કૃપાથી આજે જે કાંઈ આધ્યત્મીકરીતે અનુભવ થયા તેનું પૂ. જેન્તીરામબાપા વર્ણન કરશે. અને ગુરૂકૃપાથી આ ભવસાગર કેમ તરવો અને સતત આનંદમય, તનાવમુકત જીવન કેમ જીવાય અને ગુરૂએ આપેલ વચન મહામંત્રનું હાલતા ચાલતા, ઉઠતા બેસતા કેમ જાપ કરવો, સતત ભજનભાવમાં રહેવા માટેની ટેકનીક જણાવશે. અને બપોરે ૧૨ કલાકે સંતોની ધર્મ સભા યોજાશે. જેમાં અખિલ ભારતીય સાધુ સમાજનાં અધ્યક્ષ પૂ. મુકતાનંદબાપુ, તોરણીયા નકલક ધામનાં મહંત પૂ. રાજેન્દ્રદાસ બાપુ તેમજ જૂનાગઢ ખેતલીયા દાદાની જગ્યાના મહંત પૂ. રાજભારતી બાપુ તેમજ મેંદરડા ખાખી મઢી રામજી મંદિરનાં મહંત પૂ. સુખરામદાસજી બાપુ, જૂનાગઢ સ્વામીનારાયણ મુખ્ય મંદિરનાં કોઠારી પૂ. પ્રેમસ્વરૂપદાસજી, પી.પી. સ્વામી, જે.કે. સ્વામી સહિતનાં સંતોની ઉપસ્થિતિમાં ધર્મ સભા યોજાશે. ત્યારબાદ રાત્રે ૯ કલાકે સંતવાણી લોકડાયરામાં દેવરાજભાઈ ગઢવી, શિવરાજભાઈ વાળા, સવદાસભાઈ ગાગલીયા સહિતનાં કલકારો કલા રસ પીરસશે.

આ દ્વિદીવસીય ધર્મોત્સવ દરમ્યાન સૌરાષ્ટ્ર, ગુજરાત, મહારાષ્ટ્ર ઉપરાંત દેશ વિદેશથી સંતપરીવારનાં સત્સંગી ભાઈઓ બહેનો ઉપસ્થિત રહેવાનાં હોય ત્યારે તેમનાં માટે આવાસ નિવાસ, ભોજન પ્રસાદ તમામ પ્રકારની તૈયારીઓને પૂ. જેન્તીરામબાપાનાં માર્ગદર્શન હેઠળ આશ્રમનાં વ્યવસ્થાપક હસમુખભાઈ શીલ, રાજુભાઈ, હિતેષભાઈ, કમલેશભાઈ, સતિષભાઈ પરમાર સહિતનાં સેવક સમુદાય દ્વારા આખરી ઓપ આપવામાં આવી રહયો છે.

# પીપી સવાણી ગ્રુપ અને જાનવી લેબ ગ્રોન આયોજિત 'દીકરી જગત જનની'ના પાલક પિતાએ "જનની"ઓના હાથોમાં મઘમઘતી મહેંદી મુકતા અબ્રામાં ગામે સર્વત્ર વાતાવરણ મહેંકી ઉઠ્યું

## 'દીકરી જગત જનની' ના ૫૦૦૦થી વધુ લાડકડીઓના હાથોમાં મહેંદી મુકાઈ : પાલક પિતાએ પણ દીકરીના હાથોમાં મહેંદી મૂકી : મહેંદીના ગીતો અને મહેંદીની સુગંધથી ચોમેરે વાતાવરણ મહેંકી ઉઠ્યું દીકરી સાસરિયાને સ્વર્ગ બનાવે અને ઘરના તમામ સભ્યોને સ્વીકારે એ જરૂરી છે : મહેશ સવાણી





(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨૩

મહેંદી તેવાવી માળવેને એનો રંગ ગયો ગુજરાત રે..., મહેંદી લીલીને રંગ રાતો.., મારી મહેંદીનો રંગ ઊડી જાય રે.... મહેંદી તો રંગ લાતી હૈ... મહેંદી લગા કે રખના... જેવા મહેંદીના હિન્દી ગુજરાતી ગીતોથી ગુરુવારે સવારથી અબ્રામા ગામ ગુંજી રહ્યું હતું. પ્રસંગ હતો, પીપી સવાણી ગ્રુપ આયોજિત લગ્નોત્સવની મહેંદી રસમનો. આગામી તા.૨૪ અને ૨૫ ડિસેમ્બરે પીપી સવાણી ગ્રુપ અને જાનવી ગ્રુપ આયોજિત દીકરી જગત જનની લગ્નોત્સવ અંતર્ગત તા.૨૨મી ડીસેમ્બર ગુરૂવારે મહેંદી રસમનો કાર્યક્રમ યોજાયો હતો. સવારે ૯ કલાકે પ્રાર્થના અને દીપ પ્રાગટ્ય સાથે કાર્યક્રમનો આરંભ કરાયો હતો. આ પ્રસંગે મહેશભાઈની દીકરી(પુત્રવધુ) આયુષી મોહિત સવાણી એ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. આમંત્રિત મહેમાનો, દીકરીઓના હસ્તે દીપ પ્રાગટ્ય બાદ સર્વ મહેમાનોનું પુસ્તક, બૂકે અને સ્મૃતિભેટ આપી સ્વાગત કર્યું હતું. દિવસ દરમ્યાન લગભગ ૫૦૦૦થી વધુ બહેનોના હાથમાં વિવિધ પ્રકારની ડિઝાઈનની મહેંદી મૂકાતા અબ્રામાં ગામ આખું મહેંદીની સુગંધથી પણ મઘમઘી ઉઠ્યું હતું. આ લગ્નોત્સવમાં લગ્ન કરનાર ૩૦૦ દીકરીના પાલક પિતા મહેશ સવાણીએ પણ દીકરીઓના હાથમાં ભારે હેતથી મહેંદી મૂકી હતી. મહેશભાઈ સવાણી એ પ્રભુતામાં પગલાં પાડનારી ૩૦૦ દીકરી અને અન્ય બહેનો-દીકરીઓને પિતાની હુંફ સાથે જણાવ્યું હતું કે જેણે ભગવાનને પણ જન્મ આપ્યો એ દીકરી છે એટલે જ આ અવસરનું નામ ''દીકરી જગત જનની'' રાખવામાં આવ્યુ છે. દીકરીઓને આદર્શ જીવનનું ભાથુ બાંધી આપતા મહેશભાઈએ કહ્યું કે, દીકરી સાસરિયાને સ્વર્ગ બનાવે અને ઘરના તમામ સભ્યોને સ્વીકારે એ જરૂરી છે. સાથે દીકરીએ સહનશક્તિ કેળવવી જરૂરી છે. સાસુ -સસરા, નણંદ, દેરાણી -જેઠાણીની ફરિયાદ ઘરે કરવી નહિ, દીકરી સાસરેથી પાછી આવે ત્યારે પરિવારને ઘણું સાંભળવું પડે છે તેથી પરિવારનો વિચાર કરીને સાસરિયામાં સેટ થઈ જવું ઉત્તમ છે. સાસરિયામાં દૂધમાં સાકર ભળે એમ ભળી જજો. શરૂઆતમાં સમય આપશો એટલે સફર આસાન થઈ જશે. કોઈ ફરિયાદ હોય તો બેસીને શાંતિથી વાત કરીને ઉકેલ લાવવાનો પ્રયાસ કરશો તો ચોક્કસ સારૂ પરિણામ મળશે. મહેમાનોની વિશેષ ઉપસ્થિતિમાં શાલીની અગ્રવાલ (IAS)(મ્યુનિસિપલ કમિશ્નર સુરત), બી.આર.પટેલ (IPS, DCP, સુરત), દિવ્યાબેન શિરોયા(GST ઈન્સ્પેક્ટર), ડો. સંધ્યાબેન છાસટીયા (ગાયનેકોલોજિસ્ટ), ડો. દક્ષાબેન ભાદિયાદરા (ઓપ્થાલમોલોજીસ્ટ), ડો. શીતલબેન સુહાગિયા (RMO), આદર્શગૃહિણીઓ દિપ્તીબેન પંડ્યા, ભાવિકાબેન જોયસર, અસ્મિતાબેન રાબડીયા, હિરલબેન કાછડીયા, આશાબેન કોશિયા, ઉર્વશીબેન ધોરાજીયા, દિવ્યાબેન રૈયાણી, જલ્પાબેન રંઘોલિયા, ધિરલબેન રાસડિયા વગેરે બહેનો ઉપસ્થિત રહ્યા હતા અને સૌ કોઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

# જૂનાગઢમાં પડતર મકાનમાંથી દારૂ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ એ ડીવીઝન પોલીસે ગઈકાલે બિલખા રોડ ઉપર વણકરવાસ, બાપાસીતારામ મઢુલીની નજીકમાંથી એક પડતર મકાનમાંથી દારૂ ઝડપી લીધેલ છે. આ અંગે એ ડીવીઝન પોલીસ સ્ટેશનનાં પોલીસ કોન્સ્ટેબલ વિક્રમભાઈ મનસુખભાઈએ જાતે ફરિયાદી બનેલ છે અને રેડ દરમ્યાન હાજર નહી મળી આવેલ આ કામનાં આરોપી શબ્બીર ઉર્ફે ભુરો નુરમહંમદભાઈ (જૂનાગઢ) વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામનાં આરોપીએ પોતાનાં કબ્જા હેઠળનાં પડતર મકાનમાં ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂ મેકડોવેલ્સ નંગ-૧, ઓરીઝનલ કલેકશન વ્હીસ્કીની કાચની નાની બોટલ ૪૦ તથા મેકડોવેલ્સ નંગ-૧, વ્હીસ્કીની ૭૫૦ એમએલની બોટલ નંગ-૧૨ સહિતનો રૂા.૮૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરેલ છે અને આ રેડ દરમ્યાન આરોપી હાજર નહી મળી આવતા તેનાં વિરૂધ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# બાંટવામાં યુવતી ઉપર દુષ્કર્મ આચર્યાની નોંધાતી ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨૩

માણાવદર તાલુકાનાં બાંટવા તડાવ ખાતે રહેતી એક યુવતીએ શકલીન હસન નાદફા (મહારાષ્ટ્ર) સામે નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે આ કામના ફરીયાદી ઘરે એકલા હતા તે દરમ્યાન આરોપી ફરીયાદીનાં ઘરે જઈ ફરીયાદીની ઈચ્છા વિરૂધ્ધ દુષ્કર્મ આચરી ગર્ભ રાખી દીધાની બાંટવા પોલીસમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ : આગ લગાવવાનાં ગુનામાં ફરાર આરોપી ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ખૂનની કોશીશ અને આગ લગાવવાના ગુન્હામાં ૭ વર્ષથી ફરાર આરોપીને પેરોલ ફર્લોસ્કોડ અમદાવાદનાં નારોલ વિસ્તારમાંથી પકડી પડ્યો છે. વિવિધ ગુનામાં ફરાર આરોપીને ઝડપી લેવા રેન્જ ડિઆઈજી મયંકસિંહ ચાવડા, એસપી રવીતેજા વાસમશેટ્ટીએ સુચના આપી હતી. બાદમાં એલસીબી પીઆઈ જે.એચ. સિંધવ, પીએસઆઈ જે.જે ગઢવીના માર્ગદર્શનમાં પેરોલ ફર્લોસ્કોડના પીએસઆઈ વી. કે. ઉજીયા અને સ્ટાફના ઉમેશભાઈ વેગડા, સંજયભાઈ વઘેરા, દિનેશભાઈ છૈયા, જયેશભાઈ બામણીયા વગેરેએ પેટ્રોલીંગ હાથ ધર્યું હતું. દરમ્યાન બાતમી મળી હતી કે, જૂનાગઢ બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ખૂનની કોશીશ અને આગ લગાવવાના ગુન્હામાં ૭ વર્ષથી ફરાર આરોપી સિદ્ધરાજભાઈ મૂળજીભાઈ સોલંકી અમદાવાદના નારોલ વિસ્તારમાં રહે છે. બાદમાં આરોપીને પકડી પાડી પૂછપરછ કરતા ગુન્હામાં સંડોવાયેલ હોવાની કબૂલાત કરી હતી. બાદમાં અર્થે તેને આગળની કાર્યવાહી અર્થે જૂનાગઢ બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે સોંપી દેવામાં આવ્યો છે.

# ખંભાળિયાના રેવન્યુ પ્રેક્ટિસનર્સ એસોસિએશનના હોદ્દેદારોની બિનહરીફ વરણી



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

ખંભાળિયા તાલુકામાં કાર્યરત રેવન્યુ પ્રેક્ટિસનર્સ (એડવોકેટ) એસોસિએશનના અત્રેની મામલતદાર કચેરી, પ્રાંત કચેરી, કલેકટર કચેરી અને સબ રજિસ્ટ્રાર કચેરીમાં પ્રેક્ટિસ કરતા તમામ વકીલોનું એક સંગઠન છે. આ સંગઠન દ્વારા વકીલો અને અરજદારોને કોઈ તકલીફ ના પડે અને તેમના પ્રશ્નોનું નિરાકરણ સારી રીતે લાવી શકાય તે હેતુથી આ સંગઠન કામ કરે છે. આ એસોસિએશન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ આગામી વર્ષ ૨૦૨૩-૨૪ ના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. આ મિટિંગમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ સંગઠનના સિનિયર સલાહકાર સમિતીના વકીલો રમેશકુમાર માંડાણી, જયેશભાઈ નથવાણી, આર.એ. મુન્દ્રા અને સી.એમ. બુધભટ્ટી દ્વારા નવી બોડીના પ્રસ્તાવ મૂકવામાં આવ્યા હતા. જેમાં આગામી વર્ષના પ્રમુખ તરીકે પી.પી. કાંબરીયા, ઉપપ્રમુખ તરીકે એડવોકેટ સંજય આંબલીયા, બીજા ઉપપ્રમુખ તરીકે માલદે ધમા, સેક્રેટરી તરીકે વિપુલ ગોસાઈ તથા બીજા સેક્રેટરી તરીકે વિજય નકુમ, ખજાનચી તરીકે તુષાર ધ્રુવ અને સહ ખજાનચી તરીકે પારસ ધ્રુવની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. જેને રેવન્યુ પ્રેક્ટિસનર્સ એસોસિએશનના તમામ સભ્યોએ આવકારી, શુભેચ્છાઓ પાઠવી હતી.

# ખંભાળિયા: કોરોના સામે બાથ ભીડવા જિલ્લા આરોગ્ય તંત્ર એલર્ટ: ૧૫૦ બેડની સરકારી હોસ્પિટલ કાર્યરત



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

ચીનમાં વધી રહેલા કોરોનાના ભયજનક સંક્રમણ વચ્ચે ભારતમાં પણ કોરોનાવાયરસના નવા વેરીએન્ટના પગરવ સાથે ગુજરાત રાજ્યમાં પણ નવા વેરીએન્ટના કેસો નોંધાતા સરકારી તંત્ર એલર્ટ બની ગયું છે. સાથે સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ આરોગ્યતંત્ર દ્વારા તમામ દિશાઓમાં પગલાં લેવામાં આવી રહ્યા છે. ખંભાળિયા સ્થિત સિવિલ હોસ્પિટલમાં પણ ઓક્સિજન, કોવિડ કેર સેન્ટર, તેમજ દવા અંગે તંત્ર દ્વારા જરૂરી પગલાં લેવામાં આવ્યા છે. ખંભાળિયામાં આવેલી સરકારી જનરલ હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓ માટે અલાયદો વોર્ડ તેમજ દવા સહિતની તૈયારીઓ કરવામાં આવી છે. આ અંગે વિગત આપતા અહીંની જનરલ હોસ્પિટલના અધ્યક્ષક મનોજ કપૂરે જણાવ્યું હતું કે ડબલ્યુ.એચ.ઓ. તરફથી જારી કરવામાં આવેલા કોરોના અંગેના રેડ સિગ્નલ સાથે રાજ્યની કમિશનર કચેરી તરફથી દ્વારા કરવામાં આવેલા એલર્ટના અનુસંધાને અહીં તમામ જરૂરી પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. આના અનુસંધાને ગાંધીનગરથી પ્રોગ્રામ ઓફિસરનું પણ અત્રે આગમન થયું હતું. તેમના દ્વારા અહીંની હોસ્પિટલમાં ઓક્સિજન સપ્લાય ચેક કરવામાં આવ્યો હતો. અહીંની સિવિલ હોસ્પિટલ ખાતે થોડા સમય પૂર્વે પી.એમ. કેરમાંથી પ્રાપ્ત થયેલા પી.એસ.એ. (ઓક્સિજન) પ્લાન્ટ હાલ સંપૂર્ણપણે કાર્યરત છે. જ્યારે અન્ય એક ઓ.એન.જી.સી. નો પ્લાન્ટ રીપેરીંગ હેઠળ છે. અહીંની સરકારી હોસ્પિટલમાં ૧૫૦ બેડનો આઈસોલેસન વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. જે તમામ બેડ ઉપર ઓક્સિજન સપ્લાય સુવિધા પ્રાપ્ત છે. એટલું જ નહીં, અહીં ચાર પિડિયાટ્રીક સાથે કુલ ૪૯ વેન્ટિલેટર પણ ઉપલબ્ધ છે. કોરોનાના ઈલાજ માટે અહીં પૂરતી માત્રામાં દવાનો જથ્થો પણ છે. સાથે સાથે આગામી સમય માટે બીજો જથ્થો પણ મંગાવવામાં આવ્યો છે. દર્દીઓની સારવાર માટે ફિઝિશિયન સહિત વધારાનો તબીબી સ્ટાફ જરૂર પડે તો બહારગામથી મંગાવાની તૈયારી પણ કરવામાં આવી છે. હાલ અહીંની હોસ્પિટલમાં એક પણ કોવિડ કેસ નોંધાયો નથી.

**સાવચેતી રાખવા અપીલ**

ગુજરાતના જુદા જુદા ભાગોમાં કોરોનાના કેસો નોંધાઈ રહ્યા છે. ત્યારે નવા વેરીએન્ટ સામે સાવચેતી રાખવા માટે અપીલ કરતા જનરલ હોસ્પિટલના અધિક્ષક ડોકટર મનોજ કપૂરએ જણાવ્યું હતું કે કોરોના સામે રક્ષણ મળે તે માટે લોકોએ સાવચેતી કેળવી બહાર નીકળતી વખતે માસ્ક અવશ્ય પહેરવા તથા સોશિયલ ડિસ્ટન્સ જાળવવું અનિવાર્ય છે.

# ખંભાળિયામાં જડેશ્વર રોડને ડિવાઈડર સાથેનો ગૌરવ પથ બનાવો : નાગરિક સમિતિ દ્વારા રજૂઆત

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

ખંભાળિયા શહેરમાં છેલ્લા ઘણા સમયથી એક પણ વિકાસ કાર્ય ઉડીને આંખે વળગે તેવું બની રહ્યું નથી. ત્યારે પડતર કામો તાકીદે કરવામાં આવે તેવી અપેક્ષા રાખે છે. ખંભાળિયા શહેરમાં ધમધમતા એવા નગર ગેઈટ વિસ્તારથી મહત્વના એવા બેઠક સુધીના માર્ગને વર્ષો અગાઉ ગૌરવ પથ બનાવવામાં આવ્યો હતો. પરંતુ આ રસ્તો ખૂબ જ જર્જરિત હાલતમાં તથા ઘાટઘૂટ વગરનો બની રહ્યો છે. ત્યારે અહીના ચાર રસ્તાથી રેલવે સ્ટેશન સુધીના રસ્તાને ગૌરવ પથ બનાવવામાં આવે તેવી માંગણી નાગરિક સમિતિ દ્વારા કરવામાં આવી છે.

# જૂનાગઢમાંથી ૬૭ હજારનો વિદેશી દારૂ ઝડપી પાડતી પોલીસ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨૩

જોષીપરાનાં સાબરીન સોસાસાયટી પાસો રહેણાંક મકાનમાં બી ડીવીઝન પોલીસે દારૂ અંગે રેડ કરતાં ઈંગ્લીશ દારૂની પેટી-૩, બોટલ નંગ-૩૬ કુલ કિંમત રૂા. ૧૪,૪૦૦ તેમજ કુલ પેટી નંગ-૧૧ બોટલ નંગ-૫૨૮ કિંમત રૂા. ૫૨,૮૦૦ મળી કુલ રૂા. ૬૭,૨૦૦નો દારૂ કબ્જે કરી પ્રોહીબીના એકટ હેઠળ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે આરોપીઓમાં શાહનવાજ ઉર્ફે શાહુ, સમીર હનીભાઈ બ્લોચ, ઈમ્તીયાઝ હનીભાઈ નોબીને પકડવા માટે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કામગીરીમાં બી ડીવીઝનનાં ઈન્ચાર્જ પીઆઈ એ.એમ. ગોહીલ, ભનુભાઈ ઓડેદરા, કૈલાસભાઈ જોગીયા, વનરાજસિંહ ચુડાસમા, દિનેશભાઈ જીલડીયા, જેઠાભાઈ કોડીયાતર, રમેશભાઈ કરંગીયા, સંજયભાઈ માલમ, પ્રવિણભાઈ બાબરીયા જોડાયેલ હતાં.

## કોવિડ-૧૯ના નવા વેરિયન્ટને અટકાવવા જીલ્લા વહીવટી તંત્ર સજ્જ

# જૂનાગઢ જીલ્લામાં કોવિડ-૧૯ના નિવારક પગલાં અને સાવચેતી માટે અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજતા કલેક્ટર રચિત રાજ





જૂનાગઢ, તા.૨૩

કોવિડ-૧૯ના નવા વેરિયન્ટને અટકાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણતૈયાર અને સંતર્ક છે. આ માટે કલેક્ટર રચિત રાજ કોવિડ-૧૯ના નિવારક પગલાં અને સાવચેતી માટે અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.

કલેક્ટર કચેરી ખાતે આયોજિત આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, મ્યુનિસિપલ કમિશ્નર રાજેશ તન્ના સહિત આરોગ્ય સેવાઓ સાથે જોડાયેલા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં જૂનાગઢ જિલ્લામાં કોવિડ-૧૯ના નવા વેરિયન્ટના ફેલાવાને રોકવા માટે મહત્તમ જરૂરી સાવચેતી અને નિવારક પગલાં લેવા માટેની સમીક્ષા કરવામાં આવી હતી.

કોવિડ ૧૯ સંબંધિત સલામતી અને સાવચેતી સુનિશ્ચિત કરવા તમામ તાલુકા આરોગ્ય અધિકારીઓને સૂચનાઓ આપવામાં આવી હતી અને જો ચેક-અપમાં કોઈ શંકાસ્પદ કેસ જણાય તો તાત્કાલિક જાણ કરવા અને જરૂરી કાર્યવાહી કરવા માટે સૂચના આપી હતી.

જિલ્લામાં કોવિડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં ઓક્સિજનની ઉપલબ્ધતા અને નોન-ઓક્સીજીન બેડ વગેરેની સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લામાં તમામ ઓક્સિજન પ્લાન્ટ કાર્યરત છે અને સારી રીતે કામ કરી રહ્યા હોવા અને ઉપયોગ માટે તૈયાર છે.તે બાબતે પણ જાણકારી મેળવવામાં આવી હતી. મીડિયા દ્વારા પણ નાગરિકોને કોવિડ સંબંધિત ખોટી માહિતી, ખોટી અફવાઓ અને ફેક ન્યુઝથી દૂર રહેવા ન ફેલાવવા અપીલ કરી હતી. જિલ્લામાં રસીકરણની વર્તમાન સ્થિતિની સમીક્ષા કરી, તમામ **THO, MO** ને સુનિશ્ચિત કરવા સૂચના આપી કે કોઈ પણ નાગરિક રસીકરણના ત્રીજા ડોઝ વંચિત ન રહે તે માટે સૂચનાઓ આપવામાં આવી હતી. ઉપરાંત પરીક્ષણ પછી તંત્ર જીનોમ સિક્વન્સિંગ, કોન્ટેક્ટ ટ્રેસિંગ અને અસરગ્રસ્ત દર્દીઓને અલગ કરવા માટે પણ તૈયાર છે. જરૂરિયાત જણાય તો રેલ્વે સ્ટેશન અને એરપોર્ટ ઉપર સ્ક્રીનીંગ શરૂ કરવા માટે સૂચના આપવામાં આવી હતી. જૂનાગઢ જિલ્લામાં નવા કોવિડ વેરિઅન્ટના ફેલાવાને રોકવા માટે જિલ્લા વહીવટીતંત્ર સંપૂર્ણ રીતે તૈયાર અને સતર્ક છે. આરોગ્ય ટીમ પણ યોગ્ય માળખાકીય સુવિધાઓ અને યોજનાબદ્ધ રીતે આત્મવિશ્વાસ સાથે કામ કરવા માટે સક્રિય છે. જિલ્લા વહીવટી તંત્ર કોવિડ મેનેજમેન્ટ માટે એસઓપી પર પહેલેથી જ કામ કર્યુ છે. ઉપરાંત હોસ્પિટલો પણ સ્ટેન્ડ-બાય ડોકટરોની ટીમ સાથે તૈયાર રાખવામાં આવી છે.

### જૂનાગઢ જીલ્લા સ્વાગત કાર્યક્રમ અંતર્ગત

# માણાવદરના કારીબેનની જમીન શરતફેર અરજીનો સ્થળ ઉપર જ હુકમ કરી નિકાલ કર્યો

### કલેક્ટરે ૧૬ અરજીનો હકારાત્મક અભિગમ સાથે નિકાલ કર્યો

જૂનાગઢ, તા.૨૩

ફરીયાદ નિવારણ એ લોક કેન્દ્રિત શાસનની ચાવી છે.. તે વાતને સાકાર કરતા જૂનાગઢ જિલ્લામાં વહીવટીતંત્ર દ્વારા વિધાનસભાની સામાન્ય ચૂંટણી પછી જિલ્લા સ્વાગતનો હકારાત્મક અભિગમ તેમજ આનંદદાયક રીતે પ્રારંભ કરવામાં આવ્યો છે. ચૂંટણી બાદના યોજાયેલ આ પ્રથમ જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં સુશાસન સપ્તાહના ભાગરૂપે માણાવદર તાલુકાના અરજદાર કારીબેન સોંદરવાના જમીન શરતફેર બાબતે જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં રજુ કરવામાં આવેલ પ્રશ્નનો કલેકટર રચિત રાજ દ્વારા હાજર સંલગ્ન અધિકારીઓની હાજરીમાં સ્થળ ઉપર જ નિર્ણય કરી હુકમ કરવામાં આવ્યો હતો. સાથે સાથે અન્ય ૧૬ અરજીઓનો પણ હકારાત્મક અભિગમ સાથે નિર્ણય કરી નિકાલ કરી, જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ગુણાત્મક અભિગમસાથે જનતાના પ્રશ્નોના સમયસર નિવારણ માટે ઉત્સુકતાપુર્વક સતત પ્રત્નશીલ રહેલ હોવાનું ઉદાહરણ પુરૂ પાડ્યું છે. જૂનાગઢ જિલ્લા વહીવટીતંત્ર નાગરીકોની ફરીયાદોના ત્વરીત નિરાકરણ કરવા માટે ઉતમ પ્રયાસ હાથ ધરવામાં હંમેશા તત્પરતા દર્શાવતું રહેશે. તેમ કલેકટર દ્વારા જાહેર જનતાને સંદેશ આપ્યો છે. .

# ધંધુસર ગામની પ્રાથમિક શાળાની મુલાકાત લેતા આસિસ્ટન્ટ કલેક્ટર દેવેન્દ્ર મીણા

### શાળામાં આવેલ કિચન ગાર્ડન અને જ્ઞાન આપતી દિવાલો જોઈ શાળાના આચાર્ય અને સ્ટાફને અભિનંદન આપ્યા





જૂનાગઢ, તા.૨૩ : જૂનાગઢનાં વંથલી તાલુકાના ધંધુસર પ્રાથમિક શાળાની જૂનાગઢના આસિસ્ટન્ટ કલેકટર દેવેન્દ્ર મીણા (આઈએએસ) મુલાકાત લીધી હતી. શાળાની તમામ બાબતોનો ઝીણવટ પૂર્વક અભ્યાસ કરીને આચાર્ય તથા શાળાના સ્ટાફને માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. શાળામાં આવેલ બાગબગીચા, ઔષધ બાગ, કિચન ગાર્ડન, પ્રજ્ઞા અભિગમ અંતર્ગત ચાલતો કલાસ રૂમ તથા બોલતી દિવાલો અંગે આચાર્ય તથા સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા અને સુંદર શાળા જોઈ આવી કામગીરી બદલ શુભેચ્છાઓ પાઠવી અને હંમેશા શાળા પરિવાર આ રીતે જ શાળામાં કાર્ય કરતા રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

# આરોગ્યપ્રદ બાજરીના રોટલાનો સ્વાદ માણતા કલેક્ટર રચિત રાજ

### પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સમગ્ર વિશ્વમાં વર્ષ -૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય બાજરી તરીકે ઉજવાશે



જૂનાગઢ, તા.૨૩

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સંયુક્ત રાષ્ટ્ર સંઘે વર્ષ-૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય બાજરી વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કર્યુ છે. આરોગ્યપ્રદ બાજરી-જાડા અનાજ આરોગવાથી થતા લાભો અંગે વ્યાપક જનજાગૃતિ ઊભી થાય તે માટે કલેક્ટરશ્રી રચિત રાજે વર્ષ-૨૦૨૩ના પ્રારંભ પૂર્વે જ આગવા અભિગમ સાથે જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ સાથે રાત્રિ ભોજન કરી આરોગ્યપ્રદ બાજરીના રોટલા અને ઓળાનો સ્વાદ માણ્યો હતો. આ સાથે કલેકટરશ્રીએ લોકોને પોષક તત્વોથી ભરપૂર બાજરી જાડા-અનાજને પોતાના આહારમાં સામેલ કરવા માટે નવીન અભિગમ સાથે સંદેશ આપ્યો છે.

કલેક્ટરના નિવાસ્થાને આ રાત્રિ ભોજનમાં વંથલીના પ્રાંત અધિકારી અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ હનુલ ચૌધરી ઉપરાંત ચીટનિસ ટુ કલેકટર, મામલતદાર ડિઝાસ્ટર, ઝોનલ અધિકારી સહિતના અધિકારીઓએ આરોગ્યપ્રદ બાજરીના રોટલાના ભોજનનો આનંદ માણ્યો હતો. આરોગ્ય માટે બાજરીના ફાયદાઓ પણ સવિશેષ છે, બાજરીના લોટમાંથી બનાવેલ આહારમાં કેલ્શિયમ, મેગ્નેશિયમ, મેગ્નીઝ ફોસ્ફરસ, વિટામીન બી એન્ટીઓક્સીડન્ટ વગેરે જેવા ભરપૂર પોષક તત્વો હોય છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પહેલથી સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય બાજરી વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું છે. જેથી સમગ્ર વિશ્વમાં બાજરી-જાડા અનાજને આહારમાં સામેલ કરવા માટે એક જાગૃતિ ઊભી થાય. આમ, કલેકટર રચિત રાજે પણ સૌરાષ્ટ્રના પ્રખ્યાત એવા બાજરીના રોટલા અને ઓળાનો સ્વાદ માણી લોકોને પણ પોતાના આહારમાં બાજરી અને જાડા અનાજમાંથી બનેલ આહારને પોતાના ભોજનમાં સામેલ કરવા માટે આગવી રીતે સંદેશ આપ્યો છે.

# ખંભાળિયામાં રવિવારે વિનામૂલ્યે નેત્રયજ્ઞ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

ખંભાળિયાની સેવા સંસ્થા માનવ સેવા સમિતિના ઉપક્રમે આગામી રવિવાર તારીખ ૨૫ ના રોજ અહીંની લલીતાબેન પ્રેમજીભાઈ બદીયાણી હોસ્પિટલ ખાતે વિના મૂલ્યે નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. લંડન (યુ.કે.) નિવાસી મિલીન નટવરલાલ રાશ (હ. ચંદુભાઈ ગોકાણી)ના આર્થિક સહયોગથી સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે યોજવામાં આવેલા આ નેત્ર નિદાન, સારવાર તથા શસ્ત્રક્રિયા કેમ્પમાં સવારે ૯થી ૧૨ વાગ્યા સુધી રાજકોટની રણછોડદાસજી બાપુ ચેરીટેબલ આંખની હોસ્પિટલના નિષ્ણાંત ડોક્ટરો અને ટેકનીશીયનોની ટીમ સેવા આપશે. આ કેમ્પમાં દર્દીઓને તપાસી, યોગ્ય નિદાન સારવાર અને દવા સ્થળ ઉપર જ આપવામાં આવશે. ઓપરેશનની જરૂર મુજબના દર્દીઓને તે જ દિવસે બસ દ્વારા રાજકોટની રણછોડદાસજી બાપુ હોસ્પિટલ ખાતે લઈ જઈ, બીજા દિવસે ઓપરેશન કરીને ત્રીજા દિવસે અહીં પરત લઈ આવવામાં આવશે. આ કેમ્પનો વિશાળ પ્રમાણમાં લાભ લેવા ખંભાળિયા શહેર તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના દર્દીઓને માનવસેવા સમિતિના પ્રમુખ ધીરેનભાઈ બદીયાણી દ્વારા અપીલ કરવામાં આવી છે. આ કેમ્પમાં આંખના નંબર કાઢી આપવામાં આવશે નહીં.

# જૂનાગઢમાં વિડીયો કોન્ફરન્સનાં માધ્યમથી કૃષિ નિષ્ણાંતો અને ખેડૂતોનો પરીસંવાદ યોજાયો



જૂનાગઢ, તા.૨૩

કપાસ સંશોધન કેન્દ્ર અને મુખ્ય તેલીબીયાં સંશોધન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી અને રીલાયન્સ ફાઉન્ડેશન સંયુકત ઉપક્રમે તા. ૨૨ ડીસેમ્બર ૨૦૨૨નાં રોજ વિડીયો કોન્ફરન્સ દ્વારા ખેડુત પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. કપાસ સંશોધન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા ચાલતી યોજના (સી.આઈ.સી.આર.નાગપુર) ‘‘ઈન્સેકટીસાઈડ રેસીસ્ટન્સ મેનેજમેન્ટ : ડીસેમીનેશન ઓફ પીંક બોલવર્મ મેનેજમેન્ટ સ્ટ્રેટેજીસ’’માં જૂનાગઢ જીલ્લાના ગામ બોડકા, પીપલાણા, ચનાકા, ઢોળવા અને સાકરોડા ગામના ૫૦ ખેડુતો તેમજ એફપ્રો સંસ્થાનાં ખેડૂતો અને કૃષિ-ઈ મહિન્દ્રાનાં ખેડૂતો વિડીયો કોન્ફરન્સનાં માધ્યમથી ખેડુત પરિસંવાદ યોજાયો હતો જેમાં તેમના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવેલ હતું તેમજ આ પ્રોજેકટ અંતર્ગત માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કપાસ સંશોધન કેન્દ્રના વડા ડો. એમ. જી. વળુ અને આ પ્રોજેકટના વડા પ્રો. એમ. વી. વરીયા અને ડો. એ. એમ. પોલરા દ્વારા કપાસના પાકની પાછતરી માવજત અંગે સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ મુખ્ય તેલીબીયા સંશોધન કેન્દ્રનાં વડા ડો. આર. બી. માદરીયા અને ડો. એ. એમ. ભરાડીયાએ પણ હાજરી આપી એરંડા પાક વિષે માહિતી તથા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં રિલાયન્સ ફાઉન્ડેશનના હરેશભાઈ ગજેરા અને મહિન્દ્રા ઈ-કૃષિ દિલીપભાઈ મકાની ઉપસ્થિત રહેલ હતા.

# કોડીનારમાં પ્રથમ વખત જાનની બાજી લગાવતા તરવૈયાઓનું સન્માન કરાયું





(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૨૩

કોડીનાર નગરપાલિકા કચેરી ખાતે વેરાવળ નગરપાલિકાના ફાયર સેફટી વિભાગના કર્મઠ કર્મચારીઓ અને કોડીનારના મૂળ દ્વારકા બંદરના માછીમાર સમાજના તરવૈયા યુવાનોના સન્માન પત્ર અને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવા માટેના એક કાર્યક્રમનું આયોજન ચીફ ઓફિસર સંજયભાઈ ભટ્ટ તથા નગરપાલિકાના સભ્યો અને કર્મચારીઓની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

કોડીનારની શિંગોડા નદીમાં ગત તારીખ ૭ સપ્ટેમ્બરના રોજ કાજ ગામના રાહુલ દેવશીભાઈ સોચા (ઉંમર વર્ષ ૨૭)એ કોઈ અગમ્ય કારણોસર પડતું મૂકીને આપઘાત કરી લીધો હતો જે નદીના ઊંડા પાણીમાં ગરક થઈ જતા આ અંગેની જાણ કોડીનાર નગરપાલિકા, કોડીનાર મામલતદાર અને કોડીનાર પોલીસના અધિકારીને થતા તેઓએ સતત ૨૪ કલાકની જહેમત બાદ વેરાવળ નગરપાલિકાના ફાયર ફાઈટરો અને મૂળ દ્વારકાના માછીમારોના મહેનત પછી તેમનો શિંગોડા નદીમાંથી યુવાનનો મૃતદેહ શોધી કાઢ્યો હતો. વેરાવળ ફાયર ફાઈટરના કર્મઠ કર્મચારી અને મૂળ દ્વારકા બંદરના તરવૈયાઓની મહેનતને પ્રોત્સાહિત કરવા માટે અને બીજાના માટે પોતાના જાનની બાજી લગાવતા તરવૈયાઓના સન્માન માટે એક સન્માન સમારોહ કાર્યક્રમ કોડીનાર નગરપાલિકા ખાતે યોજવામાં આવ્યો હતો જેમાં આ તમામને સન્માનપત્ર અને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરાયા હતા.

# સિધ્ધપુર પ્રાથમિક શાળાના બાળકોએ થ્રેસર બનાવી તાલુકા કક્ષાએ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

ખંભાળિયા તાલુકાના છેવાડાના સિધ્ધપુર ગામના શ્રી સિધ્ધપુર પ્રાથમિક શાળાના બાળકોએ ખેડૂતોના કાર્યને સરળ બનાવવા ઓછી મહેનતે, ઝડપી કાર્ય કરતું થ્રેસર મશીન બનાવ્યું છે. આ થ્રેસર મશીન ઓછા માણસોએ મગફળીનો પાક ઝડપથી ઘર સુધી પહોંચાડી શકાશે. સાથે સાથે સમય અને નાણાંની બચત કરી શકાશે. બાળકોએ આ મોડેલ રજૂ કરી, તાલુકા કક્ષાએ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે. બાળ વૈજ્ઞાનિક શ્રધ્ધાબેન પરમાર અને બાલુબેન નકુમ તેમજ તેમના માર્ગદર્શક શિક્ષક ધર્મેશભાઈ નકુમ અને ભરતભાઈ દેવમુરારીએ વિદ્યાર્થીઓને જરૂરી સલાહ-સૂચન આપ્યા હતા. જે બદલ તેઓને અભિનંદન આપવામાં આવ્યા હતા.

# સંત શ્રી ડાયારામ બાપાની ૧૩૪મી જન્મજયંતિની નાનડિયા અને સોંદરડા ખાતે ઉજવણી થશે

### ધ્વજારોહણ, મહાપ્રસાદ અને લોકડાયરા સહિત અનેક વિવિધ કાર્યક્રમો : જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ

જૂનાગઢ, તા.૨૩

દર વર્ષની જેમ આ વર્ષે પણ સંત શ્રી ડાયારામ બાપાની ૧૩૪મી જન્મજયંતિ મહોત્સવ નિમિત્તે નાનડિયા અને સોંદરડા ખાતે સંત શ્રી ડાયારામ આશ્રમમાં તારીખ ૨૫ ડિસેમ્બર, રવિવારના રોજ ધ્વજારોહણ, પાદુકા પૂજન, રથયાત્રા, મહાપ્રસાદ અને લોકડાયરા સહિત અનેકવિધ કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સંત શ્રી ડાયારામ આશ્રમ નાનડિયા ખાતે સમગ્ર કાર્યક્રમના મુખ્ય દાતા કાન્તીલાલ દેવજીભાઈ પરસાણીયા તથા સહપરિવારે ધર્મપ્રેમી જનતાને તમામ કાર્યક્રમનો લાભ લેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવ્યું છે.

સોંદરડા અને નાનડિયા સ્થિત સંત શ્રી ડાયારામ આશ્રમ ખાતે સવારે ૮.૦૦ કલાકથી ધ્વજારોહણ, મહાપ્રસાદ, રથયાત્રા સહિત અનેકવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ ડાયરાનું આયોજન છે. જેમાં નાનડિયા ખાતે અલ્પા પટેલ, હિતેશ અંટાળા, ઉમેશ બારોટ, ઉમેશ પરમાર અને સોંદરડા ખાતે વર્ષાબહેન પટેલ, વિજયભાઈ ગઢવી, ગીતાબહેન આહિર અને ભરતભાઈ બારોટ જેવા વિવિધ ખ્યાતનામ કલાકારો જનતાને લોકસાહિત્ય અને ભજનોનું રસપાન કરાવશે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ટેકનિકનાં અતિરેકમાં બાળપણ ગુમ થઈ રહયું હોવાની સમસ્યા વાલી માટે ચિંતાજનક

આજકાલ તમામ વાલીઓ કે માતા-પિતાની સૌથી મુખ્ય ચિંતા એ રહેતી હોય છે કે તેમનાં બાળક મોબાઈલ, કમ્પ્યૂટર, લેપટોપ મળવાથી વાતચીત કરવી, રમવું-કૂદવું, ભણવાનું ભૂલી ગયાં છે. સમજાતું નથી કે કોરોના કાળમાં જે મોબાઈલ તેમના હાથમાં પકડાવી દેવાયો છે, તે પાછો કેવી રીતે લેવો? પહેલાં બાળકો સ્કૂલમાં રમતના પીરિયડની રાહ જોતા હતા, ચિત્રકલા, નાટક, સંગીત હરીફાઈ અને તમામ ગતિવિધિઓની વાટ જોતા. હવે તેમની દિલચસ્પી આ ગતિવિધિઓમાં નથી રહી, પણ કોઈ ઈલેક્ટ્રીક ઉપકરણની સ્ક્રીન ઉપર જ રહી છે. એક તરફ બાળકોના હાથોમાં આ પ્રકારની અત્યાધુનિક ટેકનિક છે તો બીજી તરફ સતત તેમણે જાતજાતના અપરાધોના શિકાર પણ થવું પડે છે. તેમાં યૌન અપરાધ, આર્થિક અપરાધ અને કેટલાય પ્રકારના સાઈબર અપરાધો સામેલ છે.

એકલ પરિવારોમાં મોટાભાગના માતા-પિતા પોતપોતાના કામોમાં વ્યસ્ત રહે છે, કારણ કે મજબૂરી પણ છે કે કામ અને નોકરી ન કરો તો ઘર કેવી રીતે ચાલશે, બાળકો કેવી રીતે ઉછેરવા? તેથી આવા પરિવારોના મોટાભાગના બાળકો ડે કેર સેન્ટર કે સહાયિકાઓને ભરોસે ઉછરી રહ્યાં છે. ઘરોમાં દાદા-દાદી, નાના-નાનીની ગેરહાજરી પણ બાળકોને વધુ એકલા કરી દીધા છે. આખરે રાતદિવસ વ્યસ્ત માતા-પિતાને બાળકો પોતાના મનની વાત કેવી રીતે કરે? ઘણી વાર તો એવું થાય છે કે બાળક કંઈક કહેવા માંગે છે, કોઈ વાતની જીદ કરે છે તો તેની સમસ્યા સાંભળવા, તેના નિરાકરણને બદલે એ સમયે તેનાથી છૂટકારો મેળવવા માટે ચોકલેટ કે પછી કોઈ રમકડું આપીને તેને ફોસલાવી લેવાય છે કે પછી તેને વઢીને ચૂપ કરી દેવાય છે. બાળક પ્રત્યે મોટાભાગના અપરાધોમાં એ વાત સામે આવે છે કે તે પોતાના માબાપને અપરાધ વિશે સમયસર જણાવી ન શક્યા. કેટલીય વાર બાળકો અપરાધીઓના ડરથી આત્મહત્યા સુધ્ધા કરી લે છે અને માતા-પિતા પસ્તાય છે. માતા-પિતાના તણાવ અને ઝગડાની અસર પણ બાળકો ઉપર ખરાબ પડે છે અને તેઓ તેમના બાળપણની ખરાબ યાદોમાંથી જીવનભર બહાર નથી નીકળી શકતા.

વિશેષજ્ઞો કહે છે કે માતાપિતાએ પોતાના બાળકો સામે ક્યારેય લડવું ન જોઈએ, પરંતુ જે માતા-પિતા અલગ થઈ જાય છે, છૂટાછેડા થઈ જાય છે, એ પરિવારોમાં બાળકોની મુસીબતો ઓર વધી જાય છે. તેઓ માતા-પિતાના ઝગડા વચ્ચે ફસાઈ જાય છે. જયારે બાળકને યોગ્ય વિકાસ માટે માતા-પિતા બંનેની જરૂર હોય છે. સમસ્યા એ છે કે દરેક વિમર્શ એકબીજા વિરૂધ્ધ દેખાય છે. બાળકો માટે કામ કરનારા તેમના યોગ્ય વિકાસ માટે પરિવારને જરૂરી ગણાવે છે. હાલના દિવસોમાં વૃદ્ધોની જે સ્થિતિ થવા લાગી છે, તેમાં પણ પરિવારની ભૂમિકાને વારંવાર રેખાંકિત કરવામાં આવે છે, પરંતુ સ્ત્રી વિમર્શની એક ધારા પરિવારને સદંતર નકારતી રહી છે. આ ધારા મહિલાઓની દરેક મુસીબતનું ઠીકરૂ પરિવારના માથે જ ફોડે છે. એવામાં કેવી રીતે સમસ્યાઓનો હલ થાય? આખરે બાળકોમાં બાળકીઓ પણ હોય છે અને પછી બાળકીઓની જ શું કામ, બાળકોની પણ વાત થવી જોઈએ. કોઈ બાળકના માનવાધિકાર બાળકીઓ કરતાં ઓછા નથી હોતા. તમામ બાળકોનું યોગ્ય પાલનપોષણ, યોગ્ય ખાનપાન, દેખભાળ, શિક્ષણ, મનોરંજન, પોતાની વાત કહેવા અને સંભળાવવાની આઝાદીનો અધિકાર હોવો જોઈએ.

લોકોની ચિંતા માતૃભાષાના સવાલ ઉપર પણ હોય છે. કહેવાય છે કે માતૃભાષાને જાણવાથી બાળકનો યોગ્ય વિકાસ થઈ શકે છે, પરંતુ જમીની સચ્ચાઈ અલગ છે સાધનસંપન્ન માતાપિતા પોતાના બાળકો માટે માતૃભાષાના મુકાબલે અંગ્રેજીને પ્રાથમિકતા આપે છે. તેનું એક મોટું કારણ છે કે અંગ્રેજીને બાળકોની સફળતા અને ઉજ્જવળ ભવિષ્ય સાથે જોડી દેવામાં આવી છે. એક બહુરાષ્ટ્રીય કંપનીમાં કામ કરનારી મહિલાએ જણાવ્યું કે માતૃભાષાના માધ્યમથી ભણનારા બાળકોના બાયોડેટા નોકરી સમયે એક તરફ મૂકી દેવામાં આવે છે. ઘણાં સંશોધનોએ એ સાબિત કર્યું છે કે બાળક ગર્ભમાં જ પોતાની માતૃભાષાને સમજવા લાગે છે, બલ્કે અવાજથી ઓળખવા પણ લાગે છે. અભિમન્યુની કથા પણ લગભગ એવી જ છે, પરંતુ જ્યારથી દેશમાં મધ્યમ વર્ગનો વિસ્તાર થયો છે, ત્યારથી શિક્ષણનો મતલબ માતૃભાષાઓના મુકાબલે અંગ્રેજીને માની લેવામાં આવ્યો. આ દરેક જગ્યાએ દેખાય છે.

સવાલ એ છે કે આ બધી વાજબી ચિંતાઓ પર કોણ ધ્યાન આપશે? કેવી રીતે માતૃભાષાઓમાં પણ ભણનારા બાળકોને નોકરી તથા અન્ય કામધંધામાં સારા અવસર મળશે? કેવી રીતે તે પોતાના મનની વાત પોતાના પરિવારને જણાવી શકશે? કેવી રીતે ઉપેક્ષા કે વઢવાને બદલે તેમની સમસ્યા હલ થઈ શકશે? કેવી રીતે તે હિંસાથી બચી શકશે? કેવી રીતે બાળકો એકલાપણાની સમસ્યાથી મુક્ત થશે? કેટલાક લોકો સલાહ આપે છે કે અનાથાલયો અને વૃધ્ધાશ્રમોને જો જોડી દેવામાં આવે તો બાળકો અને બુઝુર્ગોનું એકલાપણું ઓછું થઈ શકે.

# કેન્દ્ર સરકારે સિંહોના સંરક્ષણ માટે વિઝન ડોક્યૂમેન્ટ તૈયાર કર્યું : "લાયન @ 47 : વિઝન ફોર અમૃતકાળ"

## કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન રાજ્યમંત્રીનો રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીને પ્રત્યુત્તર

અમદાવાદ, તા.૨૩

કેન્દ્ર સરકારે ગુજરાતના ગીરમાં એશિયાટિક સિંહોના સંરક્ષણ માટે પ્રોજેક્ટ લાયનના ભાગરૂપે સિંહોના સંરક્ષણ માટે "લાયન @ 47: વિઝન ફોર અમૃતકાળ" ડોક્યૂમેન્ટ તૈયાર કર્યું છે. કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન રાજયમંત્રી અશ્વિનીકુમાર ચૌબેએ ૨૨ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ રાજ્યસભામાં રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીએ પૂછેલા પ્રશ્નનો જવાબ આપતાં ઉપરોક્ત વિગતો આપી હતી.

મંત્રીના નિવેદન મુજબ સિંહોના રહેઠાણોને સુરક્ષિત અને પુનઃસ્થાપિત કરવા માટે તેની વધતી જતી વસ્તીનું સંચાલન કરવા, સ્થાનિક લોકોની આજીવિકા વધારવા અને સ્થાનિક સમુદાયોની સંરક્ષણમાં ભાગીદારી વધારવા માટેનાં લક્ષ્યાંકોનો સમાવેશ કરી "લાયન @ 47: વિઝન ફોર અમૃતકાળ" નામનું પ્રોજેક્ટ લાયન ડોક્યૂમેન્ટ તૈયાર કરવામાં આવ્યું છે. આ ડોક્યૂમેન્ટમાં ડાલામથ્થાને થતાં રોગના નિદાન અને સારવાર તથા પ્રોજેક્ટ લાયન પહેલ દ્વારા સમાવેશી જૈવ વિવિધતાના સંરક્ષણ માટેના જ્ઞાનનું વૈશ્વિક હબ બનાવવાનો પણ તેમાં સમાવેશ કરાયો છે. પ્રોજેક્ટ લાયન સંરક્ષણ અને પર્યાવરણ-વિકાસને એકીકૃત કરીને ગુજરાતમાં જીવસૃષ્ટિ આધારિત એશિયાટિક સિંહના સંરક્ષણની કલ્પના કરે છે, તેમ નિવેદનમાં જણાવાયું છે.

પરીમલ નથવાણી જાણવા માગતા હતા કે શું પ્રોજેક્ટ લાયન અને/અથવા તૈયાર કરવામાં આવેલા રોડમેપ માટે કોઈ બ્લુપ્રિન્ટ તૈયાર કરવામાં આવી છે કે કેમ ? આ ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા પ્રોજેક્ટ લાયન માટે છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન આપવામાં આવેલા ભંડોળની વિગતો અને શું ગુજરાત સરકારે કેન્દ્ર તરફથી મળેલા પ્રોજેક્ટ લાયન ફંડના ઉપયોગનો અહેવાલ સુપરત કર્યો છે કે કેમ? મંત્રીના નિવેદનમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે આ પ્રોજેક્ટ ગુજરાતના ગીર પ્રદેશમાં અમલમાં મૂકવામાં આવી રહ્યો છે જે એશિયાઈ સિંહનું છેલ્લું ઘર છે. પ્રોજેક્ટ ટાઈગર, જે દેશભરમાં આવેલા ૫૩ વાઘ અભિયારણ્યોમાં પ્રોજેક્ટ ટાઈગર અમલમાં મુકાયો છે અને પ્રોજેક્ટ લાયન બંને આપણા ગૌરવ સમાન પ્રજાતિઓ જ્યાં વસવાટ કરે છે તેની આખી ઈકોસિસ્ટમનું સર્વગ્રાહી સંરક્ષણ કરવાના વિચારનો સમાવેશ કરે છે.

મંત્રીના નિવેદન અનુસાર પ્રોજેક્ટ લાયન ગુજરાત રાજ્ય સરકાર અને સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી જેવા અન્ય હિતધારકો દ્વારા અમલમાં મૂકવામાં આવી રહ્યો છે અને છેલ્લા ત્રણ વર્ષમાં રાજય સરકારને કેન્દ્ર દ્વારા પ્રાયોજિત યોજના (CSS)- 'વન્યજીવ આવાસનો વિકાસ' હેઠળ એશિયાટિક સિંહો સહિત વન્યજીવોના સંરક્ષણ માટે ગુજરાત રાજયને રૂા.૧૨૪.૫૮ લાખની સહાય આપવામાં આવી છે. આ ઉપરાંત એશિયાટિક લાયન કન્ઝર્વેશન પ્રોજેક્ટ હેઠળ ૨૦૧૮-૧૯ દરમ્યાન જારી કરાયેલા રૂા.૧૬૪૧.૪૨ લાખના અનુદાનનું પુનઃપ્રમાણીકરણ પણ આ સમયગાળા દરમ્યાન કરવામાં



આવ્યું છે એમ તેમણે જણાવ્યું હતું. નિવેદન મુજબ ગુજરાત રાજય સરકારે એશિયાટિક લાયન કન્ઝર્વેશન પ્રોજેક્ટ હેઠળ કેન્દ્રના હિસ્સા તરીકે જાહેર કરાયેલા ભંડોળ માટે ઉપયોગિતા પ્રમાણપત્ર સુપ્રત કર્યું છે.

# કોરોનાની તમામ પરિસ્થિતિઓને પહોંચી વળવા ગુજરાત સરકાર સંપૂર્ણપણે સજજ

## કોરોની સામે લડવા રાજ્ય સરકાર ટેસ્ટ-ટ્રેક-ટ્રીટમેન્ટ , વેક્સીનેશન-કોવિડ એપ્રોપ્રિએટ બિહેવિયરની સ્ટ્રેટેજી અપનાવીને તે દિશામાં કામગીરી કરી રહી છે : પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલ



ગાંધીનગર તા. ૨૩

રાજ્યમાં કોરોનાની પ્રવર્તમાન સ્થિતિ અંગેની કેબિનેટ મીટીંગની ચર્ચા બાદ પ્રવકતા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે મીડિયાને સંબોધતા કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય આરોગ્યમંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાના સતત માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા સતત ટેસ્ટ-ટ્રેક-ટ્રીટમેન્ટ (૩), વેક્સીનેશન-કોવિડએપ્રોપ્રિએટ બિહેવિયરની સ્ટ્રેટેજી અપનાવીને તે દિશામાં કામગીરી કરવામાં આવી રહી છે. મંત્રી શ્રી એ વધુમાં ઉમેર્યું કે, ગુજરાત રાજ્ય એ કોરોના સામેની લડતમાં હરહંમેશ પ્રો-એક્ટિવ વલણ અપનાવ્યું છે.

દેશના અન્ય રાજ્યો જેવા કે, કેરલ, મહારાષ્ટ્ર, કર્ણાટક, દિલ્હી, તમિલનાડુ, વગેરે રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં કોવિડ કેસની સંખ્યા ખુબ જ ઓછી જોવા મળી રહી છે. છેલ્લા એક માસમાં રાજ્યમાં એવરેજ ૫ થી ૧૦ જેટલા કેસો નોંધાયા છે. જયારે એક્ટીવ કેસની સંખ્યા પણ અન્ય રાજ્યોની સરખાણીમાં ગુજરાતમાં ફક્ત ૨૩ જેટલા છે. ભારતમાં કુલ એક્ટીવ કેસ ૩૪૦૨ છે જેની સાપેક્ષમાં રાજ્યના એક્ટીવ કેસની સંખ્યા ખુબ જ ઓછી છે. મંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે,દેશભરમાં કોરોનાની પ્રવર્તમાન સ્થિતિ અને કેન્દ્રીય આરોગ્ય વિભાગના પરામર્શથી રાજ્ય સરકારે કોરોના સામેની લડત માટે પ્રો-એક્ટિવ વલણ દાખવીને સંપૂર્ણ તૈયારીઓ આરંભી દીધી છે.

રાજ્યભરમાં વિવિધ હોસ્પિટલોમાં આવેલા ઓક્સિજન પ્લાન્ટને ચકાસવા આવતીકાલે શુક્રવારે એક મોકડ્રીલ યોજવામાં આવશે. જેથી જરૂર પડે ત્યારે યુધ્ધના ધોરણે આ પ્લાન્ટસનો ઉપયોગ કરી શકાય. આ ઉપરાંત જરૂર પડે તો તેની કેપેસીટી પણ વધારવામાં આવશે. પ્રવકતા મંત્રીશ્રી ઋષિકેશ પટેલે રાજ્યમાં કોરોના સામેની લડતમાં ઉપલબ્ધ માળખાગત સુવિધાઓ અંગે જણાવ્યું હતુ કે, રાજ્યની હોસ્પિટલો, પી.એચ.સી અને સી.એચ.સી સેન્ટરમાં કોવિડની ગાઈડલાઈન મુજબ તૈયારી સંદર્ભે ગઈકાલે તમામ તબીબો ,અધિકારીઓ અને સ્ટાફ સાથે રાજ્ય કક્ષાની વીડિયો કોન્ફરન્સ યોજીને જરૂરી તમામ માર્ગદર્શન, સૂચનાઓ આપીને સમીક્ષા કરવામાં આવી હતી. રાજ્યમાં હાલ કોવિડ-૧૯ અંતર્ગત સરકારી તેમજ ખાનગી હોસ્પિટલમાં ૧ લાખ ૪ હજાર થી વધું બેડની સુવિધાઓ ઉપલબ્ધ છે. જે ૨૪ કલાકમાં જ કોવિડના દર્દીઓની સારવાર માટે ટ્રાન્સફર કરી શકાય તેમ છે. જેમાં ૧૫ હજાર થી વધુ આઈ.સી.યુ., ૯૭૦૦ જેટલા વેન્ટિલેટર બેડનો સમાવેશ થાય છે. મંત્રીશ્રીએ જીનોમ સિકવન્સિંગ સંદર્ભે જણાવ્યું હતુ કે, હાલ આર.ટી.પી.સી.આર પોઝીટીવ દર્દીનું ઝીનોમ સિકવન્સિંગ કરવામાં આવે છે. હાલમાં GBRC ગાંધીનગર ખાતે દર મહીને ૪ હજારથી વધુ ઝીનોમ સીકવન્સિંગ ટેસ્ટ કરવાની કેપીસીટી છે.

પ્રવકતા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે રાજ્યમાં થયેલ કોરોના રસીકરણ સંદર્ભે વિગતો આપતા જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં સમગ્ર દેશમાં આરંભાયેલા કોરોના રસીકરણ મહાઅભિયાનના પગલે ગુજરાત શરૂઆતથી જ કોરોના રસીકરણની કામગીરી માં અગ્રેસર રહ્યું છે. મંત્રી શ્રી એ વિશેષમાં જણાવ્યું કે, હાલ ચીન, જાપાન અને અમેરિકા જેવા રાજ્યોમાં મ્ફ્ર ૭ વેરિયન્ટ ના કેસ જોવા મળી રહ્યા છે. ભારત અને ગુજરાતમાં આ પ્રકારના જૂજ કેસ જોવા મળ્યા છે. ગુજરાતમાં નોંધાયેલ મ્ફ્ર ૭ થી સંક્રમિત ૩ દર્દીઓ હોમ આઈસોલેસનમાં જ સાજા થઈ ગયા હતા. રાજ્યમાં થયેલ શ્રેષ્ઠ રસીકરણના પરિણામે હાલ ગુજરાતમાં કોરોનાની પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે. મંત્રી શ્રી એ રાજયની જનતાને કોવિડ એપ્રોપ્રિએટ બિહેવરનું સ્વયંભુ રીતે પાલન કરવા તેમજ કોવિડ સંદર્ભે આપવામાં આવનાર સરકારી દિશાનિર્દેશોને અનુસરવા અનુરોધ કર્યો છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

ખોરાક સ્વાદ લેવા માટે નહીં પરંતુ શરીરના પાલન માટે છે.

- સ્વામી વિવેકાનંદ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૪, પા.અમરદાદ-૧૩૯૨, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, માગસર વદ-૩૦ દર્શ અમાવસ્યા, પાવાગઢ યાત્રા, કાલબાદેવી યાત્રા, કરિદિન તા.૨૩ ડિસેમ્બર ૨૦૨૨, શુક્રવાર, પારસી તા.૧૦, મુસ્લિમ તા.૨૮, મૂળ નક્ષત્ર, ગંડ યોગ, કિંસ્તુઘ્ન કરણ, સૂ.ઉ.૭ઃ૩૦, સૂ.અ.૬ઃ૧૧

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : મિલ્કતને લગતા પ્રશ્નોમાં વિઘ્ન આવે. પ્રાવસ દ્વારા લાભ થાય.
વૃષભ: મનમાં ચંચળતા રહે. કાર્યબોજમાં વધારો થાય.
મિથુન: વાદ-વિવાદથી દૂર રહેવું હિતાવહ. સંતાન બાબતે ચિંતા રહે.
કર્ક : ભાગીદારી કે જીવનસાથી સાથે મતભેદ રહે. મનમાં અશાંતિ અનુભવાય.
સિંહ: લાભની તક મળે. મહત્વની કામગીરીમાં પ્રગતિ થાય.
કન્યા: ગૃહજીવનમાં આનંદ-ઉત્સાહ રહે. માંગલિક કાર્યોનું આયોજન થાય.
તુલા: અણધાર્યો પ્રવાસ થાય. નવિન ખરીદીના યોગ છે.
વૃશ્ચિક: મોઢે આવેલો કોળિયો છીનવાઈ જાય. પડવા-વાગવાથી સાંભાળવું.
ધન : આરોગ્ય અંગે સાવચેત રહેવું. અણધાર્યો લાભ થાય.
મકર : શત્રુઓ નમતા આવે. મનની મુરાદ બર આવે.
કુંભ : કાર્યબોજમાં વધારો થાય. વાણી સંયમ જાળવવો હિતાવહ.
મીન : મહત્વના પ્રશ્નમાં ગુંચવણ પેદા થાય. પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને.

# વિકલાંગ સહાયક કેન્દ્ર, વટવા દ્વારા વિકલાંગોના લાભાર્થે "હસી ખુશી કી શામ વિકલાંગો કે નામ" સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

## દેશનાં વિકલાંગ-દિવ્યાંગ લોકોને સશક્ત, સ્વાવલંબી અને રોજગારલક્ષી બનાવવા તાલીમ કેન્દ્રો શરૂ કરવાની આજે જરૂર છે : મગનભાઈ પટેલ




અમદાવાદ તા. ૨૩

વિકલાંગ સહાયક કેન્દ્ર, વટવા દ્વારા તાજેતરમાં વિકલાંગોના લાભાર્થે એચ.કે. કોમર્સ હોલ,આશ્રમ રોડ, અમદાવાદ ખાતે યોજાયેલ "હસી ખુશી કી શામ વિકલાંગો કે નામ" સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઓલ ઈન્ડિયા એમએસએમઈ ફેડરેશનના પ્રમુખ મગનભાઈ પટેલે અધ્યક્ષસ્થાનેથી જણાવ્યું હતું કે આજે દેશમાં મિનિસ્ટ્રી ઓફ સ્ટેટીસ્ટીકલ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લીમેન્ટેશનના અભ્યાસ મુજબ આશરે ૨.૬૮ કરોડ જેટલા વિકલાંગ અને દિવ્યાંગ લોકો જેમાં ૧.૫૦ કરોડ પુરૂષો અને ૧.૧૮ કરોડ મહિલાઓ છે. ભારત સરકારનાં દિવ્યાંગજન સશકિતકરણ વિભાગ અંતર્ગત સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા દેશનાં દિવ્યાંગ- વિકલાંગ લોકો માટે અનેક યોજનાઓ છે જેનો લાભ દેશનાં દિવ્યાંગ લોકોને મળી શકે તેમ છે.ઓલ ઈન્ડિયા એમએસએમઈ ફેડરેશનના એક અભ્યાસ મુજબ આજે દેશમાં અનેક સંસ્થાઓ છે જે દિવ્યાંગ લોકોને રોજગારી આપી શકે તેમ છે. દિવ્યાંગજનો માટે રોજગારલક્ષી કાર્ય કરતી સંસ્થાઓને તાલીમ આપવાની ખાસ જરૂર છે જેમ કે કોટેજ ઈન્ડસ્ટ્રીઝને અગ્રસ્થાન આપીને ઘેર બેઠા નાનાં ઉદ્યોગો જેવાં કે હાથથી થતું આર્ટ વર્ક અથવા મશીનથી થતું આર્ટ વર્ક, હોઝિયરી, ગારમેન્ટ જેવા ઉદ્યોગો કે જેમાં કાચો માલ ઘરે પહોંચાડી તૈયાર માલ લઈ જઈ માર્કેટિંગ સેન્ટર બનાવી દિવ્યાંગ લોકોનાં હાથે તૈયાર થયેલ આવા માલના વેચાણ દ્વારા આપણે તેમને ચોક્કસ મદદરૂપ થઈ શકીએ તેમ છે.આવા વિકલાંગ લોકો શારીરિક રીતે એક જગ્યાએથી બીજે જવા માટે સક્ષમ હોતા નથી તેઓને પબ્લિક ટ્રાન્સપોર્ટ કે પોતાનાં વાહનો દ્વારા જવા-આવવામાં ટ્રાફિક જેવી બીજી ઘણી તકલીફો પડતી હોય છે. આના માટે તેઓને ઘેર બેઠા કાચો માલ મળી રહે અને તૈયાર થયેલ માલને લઈ જવાની વ્યવસ્થા સંસ્થાઓ દ્વારા કરી રોજગારલક્ષી કાર્ય ચોક્કસ પણે થઈ શકે તેમ છે. આ અંગે તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી ડો.વિરેન્દ્ર કુમારને પત્ર લખી જાણ કરી છે.

# ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિ.એ રિલાયન્સ જિયો દ્વારા મેનેજ કરવામાં આવતા નેટવર્ક સર્વિસીસની પસંદગી પોતાના રીટેલ આઉટલેટ્સ માટે કરી

મુંબઈ તા. ૨૩

જિયોએ એસ.ડી.-ડબલ્યુ.એ.એલ. (SD-WAN) સોલ્યુશન્સ પૂરાંપાડવા માટે આઈ.ઓ.સી.એલ.નો ઓર્ડર પ્રાપ્ત કર્યો છે. એસ.ડી.-ડબલ્યુ.એ.એલ. (SD-WAN) સોલ્યુશન્સ આઈ.ઓ.સી.એલ.ના રીટેલ ઓટોમેશન અને ક્રિટીકલ બિઝનેસ પ્રોસેસીસ જેવા કે પેમેન્ટ પ્રોસેસિંગ, ડેઈલી પ્રાઈસ અપડેટ્સ, રીમોટ ડેસ્કટોપ પ્રોટોકોલ (આર.ડી.પી.) સોફ્ટવેર અને એન્ટરપ્રાઈઝ-ગ્રેડ કનેક્ટીવિટી સાથે નેટવર્ક મોનિટરીંગ, ક્વોલિટી ઓફ સર્વિસ (QOS) અને ૨૮ રાજ્યો અને ૮ કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૨૪x૭ સપોર્ટને ગતિ પ્રદાન કરશે. રિલાયન્સ જિયો ઈન્ફોકોમ લિમિટેડની એન્ટરપ્રાઈઝ શાખા જિયોબિઝનેસ પાંચ વર્ષ માટે આ.ઓ.સી.એલ.ના ૭૨૦૦ રીટેલ આઉટલેટમાં એસ.ડી.-ડબલ્યુ.એ.એલ. (SD-WAN-Software Defined Wide Area Nªwork) સ્થાપિત કરશે અને તેનું સંચાલન કરશે. આ અંગે વાત કરતાં રિલાયન્સ જિયોના હેડ એન્ટરપ્રાઈઝ પ્રતીક પશિને જણાવ્યું હતું કે આ પ્રતિષ્ઠિત પ્રોજેક્ટ માટે આઈ.ઓ.સી.એલ. દ્વારા જિયોની પસંદગી થવી તે ખૂબ જ ગર્વની બાબત છે. અમે સમગ્ર દેશમાં અમારૂં મેઈડ ઈન ઈન્ડિયા નેટવર્ક સોલ્યુશન્સ દ્વારા સંચાલિત સૌથી મોટા એસ.ડી.-ડબલ્યુ.એ.એલ. (SD-WAN) નેટવર્ક સ્થાપિત કરીને આઈ.ઓ.સી.એલ.ની ડિજીટલ ટ્રાન્સફોર્મેશન યાત્રાને સહયોગ આપીશું. મોટા પાયા ઉપર અમલીકરણનો અમારો વિસ્તૃત અનુભવ આઈ.ઓ.સી.એલ.ને તેના સમગ્ર નેટવર્કમાં ઉચ્ચતમ પ્રદર્શનના સિમાચિહ્નો પ્રાપ્ત કરવામાં સહાય કરવા અને ૭૨૦૦ સાઈટ્સ પર જિયોની કનેક્ટિવીટીનો મહત્તમ લાભ મેળવવા અમને તકનિકી નિપૂણતાથી સજ્જ બનાવે છે. હકીકતમાં આ સમગ્ર ભારતમાં કોઈપણ ઉદ્યોગની સાથે-સાથે સમગ્ર એશિયામાં ઓઈલ એન્ડ ગેસ ઉદ્યોગમાં SD-WAN સોલ્યુશન્સનું સૌથી મોટું ડિપ્લોયમેન્ટ છે. હાલમાં આ સોલ્યુશન ડિપ્લોયમેન્ટ ૨૦૦૦ કરતાં વધારે રીટેલ આઉટલેટ જિયોના જીઠ્ઠ-ઉછદ્ર સેટઅપ પર હોવા સાથે અગ્રીમ તબક્કામાં છે. જિયો તેની એન્ડ-ટુ-એન્ડ ડિજીટલ ઓનબોર્ડિંગ પ્લેટફોર્મ વીથ ઝીરોટચ SD-WAN પ્રોવિઝનિંગ અને સિંગલ વર્લ્ડ ક્લાસ એન.ઓ.સી. ઈન્ટરફેસ પર તમામ ૭૨૦૦ રીટેલ આઉટલેટ્સના ઈન્ટીગ્રેટેડ વ્યૂનો ઉપયોગ કરીને આ પ્રકારની ઈન્ટીગ્રેટેડ મેનેજડ સર્વિસીસ આપવા માટે સુદ્રઢ સ્થિતિમાં છે.

# કોરોનાના વધતા પ્રભાવને લઈ ગુજરાત સરકાર એલર્ટ : ટેસ્ટિંગ-ટ્રેસિંગ વધારવા સૂચના

## આરોગ્યમંત્રીએ ઉચ્ચ અધિકારીઓ સાથે યોજી સમીક્ષા બેઠક : તમામ વ્યવસ્થાથી સજ્જ થવા નિર્દેશો, દવાઓનો પર્યાપ્ત જથ્થો પહોંચાડવા, તમામ આરોગ્ય કેન્દ્રો એક્ટિવ કરવા સૂચનાઓ જારી કરવામાં આવી

ગાંધીનગર તા.૨૩

ચીન સહિતના દેશોમાં વધી રહેલા કોરોનાના કેસોને પગલે ભારત સરકારની સાથે સાથે ગુજરાત સરકાર પણ એલર્ટ થઈ છે. જેમાં રાજયમાં પણ નવા આરોગ્ય વેરિયન્ટના કેસ બહાર આવ્યાથી બહાર આવેલી વિગતોને પગલે સરકારી તંત્ર હરકતમાં આવ્યું હોય તેમ જણાય છે. રાજયના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં રિવ્યુ બેઠક યોજાઈ હતી. જેમાં રાજયમાં કોવિડ ૧૯ની સ્થિતિ બાબતે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત રાજયમાં ઓક્સિજન, દવા, કોવિડ કેર સેન્ટર, રસીકરણ જેવી સુવિધા બાબતે રિવ્યુ કરવામાં આવ્યો હતો. શહેરી વિસ્તાર અને જિલ્લામાં આરોગ્ય માટેની સગવડ કેવા પ્રકારની છે ? તે અંગે બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

ચીનમાં કોરોનાનો ખતરનાક ઓમિક્રોનનો સબ વેરિયન્ટ BF.7ના કેસો જે રીતે આવી રહ્યા છે. ત્યારે સૂત્રો મુજબ ઓમિક્રોનના સબવેરિયન્ટના ગુજરાતમાં બે કેસ નોંધાયા છે. જેમાં અમદાવાદ અને વડોદરામાં એક એક કેસ નોંધાયો હોવાનું સામે આવ્યું છે. જો કે સરકાર તરફથી આ ક્ષેત્રે સત્તાવાર જાહેરાત કરાઈ નથી. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે રાજયના પી.એચ.સી. સી.એચ.સી., સિવિલ હોસ્પિટલમાં બેડની ઉપલબ્ધતા, વેન્ટિલેટર તેમજ ઓક્સિજન ટેંકની વ્યવસ્થાઓ, દવાના પર્યાપ્ત જથ્થા સહિતની કોરોના સંબંધિત તમામ વ્યવસ્થાઓ સંદર્ભે વિગતવાર સમીક્ષા કરી હતી. વિદેશી પ્રવાસીઓના ફરજિયાત કોરોના ટેસ્ટિંગ અને ટ્રેસિંગ કરવા માટેની પણ સૂચના મંત્રી તરફથી આપવામાં આવી હતી. આરોગ્યતંત્રના ઉચ્ચ અધિકારીઓ દ્વારા રાજ્યની સિવિલ હોસ્પિટલોના સુપ્રીટેન્ડેન્ટ અને અન્ય તબીબી અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સ પણ યોજવામાં આવી હતી. આ તમામ અધિકારીઓને કોરોના સામેની સુરક્ષા અગમચેતીના પગલા લેવા માટે સેન્સિટાઈઝ કરવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગના એડિશ્નલ ચીફ સેક્રેટરી મનોજ અગ્રવાલે આ અંગે જણાવ્યું હતું કે ચીનમાં જે કોરોનાના વેરિયન્ટ પ્રમાણે કેસો આવી રહ્યા છે તે કયા છે તે હજી સુધી સ્પષ્ટ નથી અને WHO દ્વારા પણ હજી સુધી કોઈ જાહેરાત કરવામાં આવી નથી. ગુજરાતમાં જે પણ કોરોનાના પોઝિટિવ કેસ આવી રહ્યા છે તેના દરેકના જિનોમ સિક્વન્સ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. હજી સુધી કોઈ એવો કોઈ કેસ ગુજરાતમાં જોવા મળ્યો નથી. ચીનમાં જે રીતે કોરોના ફેલાઈ રહ્યો છે તે ઓમિક્રોનનો સબવેરિયન્ટ BF.7 હોવાનું પ્રાથમિક રીતે જણાયું છે ત્યારે ગુજરાતમાં જે પણ કોરોનાના કેસ આવી રહ્યા છે, તેના જિનોમ સિકવન્સ કરવામાં આવી રહ્યા છે. ગુજરાત બાયો ટેકનિકલ રિસર્ચ સેન્ટરમાં કરવામાં આવેલા ટેસ્ટમાં અમદાવાદ અને વડોદરામાં એક એક કેસ નોંધાયો છે. જેમાં એક કેસ નવો છે અને એક કેસ જૂનો હોવાનું સામે આવ્યું છે. કોરોનાના વધતા કેસોને લઈ અને હવે દરેક પોઝિટિવ કેસ આવી રહ્યા છે તેને જીનોમ સિક્વન્સ કરવાની સૂચના આપી દેવામાં આવી છે. ગુજરાતમાં હાલમાં એવો કોઈ કેસ હોવાનું સત્તાવાર રીતે સામે આવ્યું નથી. કોરોનાના અલગ અલગ વેરિયન્ટ સબ વેરિયન્ટ જોવા મળે છે. અમદાવાદમાં જે કેસ નોંધાયો હતો તે જૂનો છે અને કવોરન્ટાઈન થયા બાદ તે કોરોના મુક્ત પણ થઈ ગયો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ મામલે હજી સુધી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

વિશ્વમાં વધી રહેલા કોરોના કેસને લઈને ચિંતા ઉભી થઈ છે. કેન્દ્રીય આરોગ્ય વિભાગ પણ રાજય સરકાર સાથે વીડિયો કોન્ફરન્સ મારફતે ચર્ચા કરી હતી. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા પણ રિવ્યુ બેઠક કરવામાં આવી હતી. જો કે, આગામી સમયમાં G-20 સમિટની ૧૫ જેટલી બેઠક ગુજરાતમાં થશે. આ બેઠક દરમ્યાન વિદેશના ડેલીગેશન ગુજરાતના મહેમાન બનશે. ત્યારે કોરોના સંક્રમણ ન વધે તે બાબતે પણ ચર્ચા થઈ હતી. જો કે, G-20 બાબતે આરોગ્ય અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલ કહ્યું હતું કે, મુખ્યમંત્રી અને મુખ્ય સચિવ લેવલે G-20 બાબતે ચર્ચા થતી હોય છે. રાજ્ય સરકાર દ્વારા આરોગ્ય વિભાગને સમય અને સ્થિતિ પ્રમાણે જે સૂચના આપવામાં આવશે તે પ્રમાણે કામ કરીશું.

કેન્દ્ર સરકાર દ્વારા તમામ રાજ્યના આરોગ્ય સચિવને પત્ર લખવામાં આવ્યો છે જેમાં દક્ષિણ કોરિયા જેવા દેશોમાં સંક્રમણ ફેલાયું છે અને કેસની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે તે બાબતની કેન્દ્ર સરકારે તમામ રાજયના આરોગ્ય સચિવને પત્ર લખીને જીનોમ સિક્વન્સની બાબતનો ભાર મૂકવામાં આવ્યો છે. જે રાજ્યમાં જીનોમ સિકવન્સીંગ ઓછું કરવામાં આવી રહ્યું હોય તે રાજયોમાં જીનોમ સિક્વન્સિંગની સંખ્યામાં વધારો કરવાની સૂચના કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવી છે. જીનોમ સિક્વન્સીંગ બાબતે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી

આરોગ્ય સચિવ મનોજ અગ્રવાલે વાતચીતમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં અત્યારે પરિસ્થિતિ સંપૂર્ણ કાબૂમાં છે તેમ છતાં પણ પ્રતિદિન ૭ હજારથી ૮ હજાર જેટલા સેમ્પલનું જિનોમ સિકવન્સ કરવામાં આવી રહ્યું છે, હાલમાં પોઝિટિવ કેસો સિંગલ ડિજિટમાં આવી રહ્યા છે. હાલમાં ગુજરાતમાં ફકત ૨૦ કેસ જ એક્ટિવ છે અને હોસ્પિટલમાં એક પણ કોરોના અસરગ્રસ્ત દર્દી દાખલ નથી. તેમ છતાં પણ આગોતરૂં આયોજન કરાઈ રહ્યું છે.

આરોગ્ય સચિવ મનોજ અગ્રવાલે જણાવ્યું હતું કે, કોવિડ કેર સેન્ટર અત્યારે સ્ટેન્ડ બાય રાખવામાં આવ્યા છે. હાલની તારીખમાં એક પણ કોવિડ કેર સેન્ટર કાર્યરત નથી. પરંતુ દિલ્હીથી જે સૂચના આવશે તે તમામ સૂચનાનું અમલીકરણ કરવામાં આવશે. પરંતુ વ્યવસ્થા તમામ કરવામાં આવી છે અને જે કોવિડ કેર સેન્ટર હતા તેને અત્યારે તાત્કાલિક ધોરણે એલર્ટ ઉપર મૂકી દેવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અત્યારે ૩૩ જિલ્લા પૈકી એક પણ કોવિડ હોસ્પિટલમાં દર્દી દાખલ નથી જેથી હાલના તબક્કે કોવિડ કેર સેન્ટરને સ્ટેન્ડ બાય રાખવામાં આવ્યા છે.

## કેન્દ્ર રસીકરણ અભિયાનને તેજ કરવા રણનીતિ બનાવશે

નવી દિલ્હી, તા.૨૩

ભારત સરકારે ફરી એકવાર દેશભરમાં કોરોના રસીકરણના અભિયાનને વધુ ઝડપ સાથે શરૂ કરવાની રણનીતિ તૈયાર કરી રહી છે. હાલમાં કોરોના રસીના પ્રથમ, બીજા અને ત્રીજા એટલે કે બૂસ્ટર ડોઝ લાગુ કરવાનું કામ કરવામાં આવી રહ્યું છે. ૧૫ વર્ષ સુધીના બાળકોને પણ કોરોના રસીનો પ્રથમ અને બીજો ડોઝ આપવામાં આવી રહ્યો છે. આ સાથે જોડાયેલ અભિયાનને લઈને આજે એઈમ્સમાં એક મોટી બેઠક બોલાવવામાં આવી હતી.કોરોના વાયરસ ફરી એકવાર વિશ્વના ઘણા દેશોમાં તબાહી મચાવી રહ્યો છે. ખાસ કરીને ચીનમાં કોરોનાએ તેનું ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. કોરોના સંક્રમિત દર્દીઓ મોટી સંખ્યામાં મૃત્યુ પામી રહ્યા છે. આવી સ્થિતિમાં તેનો સામનો કરવા માટે ભારતે કડકાઈ ભર્યું વલણ અપનાવ્યું છે અને કોવિડના તમામ નિયમોનું પાલન કરવાની રણનીતિ બનાવવાનું શરૂ કરી દેવામાં આવી છે. ભારત સરકાર સૌથી પહેલા કોરોના રસીકરણને લઈને મોટો નિર્ણય લેવા જઈ રહી છે. જણાવવામાં આવી રહ્યું છે કે દેશભરમાં કોરોના રસીકરણ અભિયાનને લઈને ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (એઆઈઆઈએમએસ) ખાતે એક મોટી બેઠક યોજાઈ હતી. આ બેઠકનું નીતિ આયોગના સભ્ય ડૉ. વી.કે. પોલની અધ્યક્ષતામાં તેનું નેતૃત્વ કરાયું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારત સરકાર ફરી એકવાર દેશભરમાં કોરોના રસીકરણના અભિયાનને વધુ ઝડપ સાથે શરૂ કરવાની રણનીતિ તૈયાર કરી રહી છે. હાલમાં કોરોના રસીના પ્રથમ, બીજા અને ત્રીજા એટલે કે બૂસ્ટર ડોઝ લાગુ કરવાનું કામ કરવામાં આવી રહ્યું છે. ૧૫ વર્ષ સુધીના બાળકોને પણ કોરોના રસીનો પ્રથમ અને બીજો ડોઝ આપવામાં આવી રહ્યો છે. અને આ સાથે જોડાયેલા અભિયાનને લઈને વિશેષ ચર્ચા થઈ હતી. આ સાથે આપને જણાવી દઈએ કે અત્યારે ચીનમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. આ જ સમયે વિશ્વના ઘણા દેશોમાં ખાસ કરીને એશિયા અને યુરોપમાં કોરોના (કોવિડ ચેપ)ના કેસ ઝડપથી વધી રહ્યા છે. વિશ્વવ્યાપી કોરોના સ્પાઈકમાં મોટો ઉછાળો નોંધાઈ રહ્યો છે. ૧૮ ડિસેમ્બરે કોરોનાના આંકડો દોઢ મહિનામાં ૫૫ ટકા વધી ગયો છે. આ આંકડો હવે ૩.૩ લાખથી વધીને ૫.૧ લાખ થઈ ગયો છે જે આવનારા સમયમાં વિશ્વ માટે ખૂબ જ ચિંતાજનક બની શકવાનો અંદાજ મળી રહ્યો છે.

## દેશના ૮ કરોડથી વધુ નાના વેપારીઓ ઓનલાઈન પોતાનો માલ વેચી શકશે



નવી દિલ્હી, તા.૨૩

GST કાઉન્સિલની ૪૮મી બેઠક દિલ્હીમાં પૂર્ણ થઈ છે. આ બેઠકની અધ્યક્ષતા કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણ કરી રહ્યા હતા. આ બેઠકમાં નાના વેપારીઓને ઈ-કોમર્સ દ્વારા માલ વેચવાની છૂટ આપવામાં આવી છે. કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સએ કાઉન્સિલના આ નિર્ણયને એક મોટું પગલું ગણાવ્યું છે. GST કાઉન્સિલના આ નિર્ણયથી દેશભરના નાના વેપારીઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. જે નાના વેપારીઓ હજુ સુધી ઈ-કોમર્સ પોર્ટલ ઉપર નોંધાયેલા નથી તેઓ પણ હવે તેમનો માલ ઓનલાઈન વેચી શકશે. ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ કોન્ફેડરેશને આજે આ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નાણાંમંત્રી નિર્મલા સીતારમણનો આભાર માન્યો છે. કેટે કહ્યું કે આ એક પ્રગતિશીલ નિર્ણય છે જેની માંગ બે વર્ષથી વધુ સમયથી કરવામાં આવી રહી હતી. CATના રાષ્ટ્રીય અધ્યક્ષ બીસી ભરતિયા અને રાષ્ટ્રીય મહાસચિવ પ્રવીણ ખંડેલવાલે તેમના સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે આ નિર્ણય નાના વેપારીઓને ઈ-કોમર્સ દ્વારા તેમના વ્યવસાયને વિસ્તારવા માટે સશક્ત કરશે અને PM મોદીના ડિજિટલ ઈન્ડિયાના વિઝનને દેશભરમાં મજબૂત કરશે. તેમણે કહ્યું કે દેશમાં ૮ કરોડથી વધુ નાના વેપારીઓ છે પરંતુ મોટી સંખ્યામાં વેપારીઓ GSTનોંધણી વગર વ્યાપારી પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે તેમનું વાર્ષિક વેચાણ GST મર્યાદાથી ઘણું ઓછું છે. આવા વેપારીઓ હવે ઈ-કોમર્સ ઉપર બિઝનેસ કરી શકશે, જે એક મોટી વાત છે. પ્રવીણ ખંડેલવાલે કહ્યું કે ભારત ઝડપથી ઈ-કોમર્સ હબ તરીકે ઉભરી રહ્યું છે અને ઓનલાઈન બિઝનેસમાં જબરદસ્ત વૃદ્ધિ થઈ છે. ભારતમાં ઈ-કોમર્સ બિઝનેસ હવે કુલ રિટેલમાં લગભગ ૧૦ ટકા અને ટેકસટાઈલ અને ઈલેકટ્રોનિક્સ જેવા કેટલાક ક્ષેત્રોમાં લગભગ ૨૫-૫૦ ટકા હિસ્સો ધરાવે છે. તેમણે કહ્યું કે આવી સ્થિતિમાં તે જરૂરી હતું કે નાના વિક્રેતાઓ કે જેમનું ટર્નઓવર ઓછું છે અને તેઓ GSTના દાયરામાં આવતા નથી, તેઓ ઓનલાઈન વેપાર કરી શકતા ન હતા, જેના કારણે બજાર અને વ્યવસાયની તકોને ભારે નુક્સાન થઈ રહ્યું હતું. બીજી તરફ કઠોળની ભૂસા ઉપર ટેક્સનો દર ૫ ટકાથી ઘટાડીને શૂન્ય કરવામાં આવ્યો છે. મીટિંગમાં, રિફાઈનરીઓ માટે પેટ્રોલ સાથે ઈથેનોલ મિશ્રણને ૫ ટકાના રાહત દરે મંજૂરી આપવામાં આવી છે. GST કાઉન્સિલની બેઠકમાં GST કાયદા હેઠળના ગુનાઓને ડિક્રિમિનલાઈઝેશન, એપેલેટ ટ્રિબ્યુનલની સ્થાપના ઉપર ચર્ચા કરવામાં આવી છે.

## મસ્ક ટૂંક સમયમાં CEO પદેથી રાજીનામું આપી દેશે

### એલન મસ્ક ખૂબ જ એક્ટિવ થઈને ટ્વિટરના નવા ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસરની શોધ કરી રહ્યા છે



નવી દિલ્હી, તા.૨૩

અબજોપતિ એલન મસ્કને લઈને નવા સમાચાર સામે આવી રહ્યા છે જે ટ્વિટર યુઝર્સને વધારે હેરાન નહીં કરે, કેમ કે તેમને જ તેના માટે વોટ કર્યા છે. ટ્વિટરના નવા સીઈઓ ટૂંક સમયમાં પોતાની મીડિયા કંપની સીઈઓના પદેથી રાજીનામું આપવા જઈ રહ્યા છે. રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, એલન મસ્ક હાલમાં ખૂબ જ એક્ટિવ થઈને ટ્વિટરના નવા ચીફ એક્ઝીક્યૂટીવ ઓફિસરની શોધ કરી રહ્યા છે. હકીકતમાં જોઈએ તો, એલન મસ્કે હાલમાં જ ટ્વિટર પોલ કરાવ્યો હતો. જેમાં તેમણે પૂછ્યું હતું કે, શું તેમને ટ્વિટર સીઈઓ પદેથી રાજીનામું આપી દેવું જોઈએ? આ પોલના જવાબમાં કુલ ૫૭.૫ ટકા યુઝર્સે એલન મસ્કને આ પદેથી હટી જવાની વાત કહી હતી અને તેમને રાજીનામું આપી દેવા જણાવ્યું હતું. જો કે, એલન મસ્ક માટે આ પોલના રિઝલ્ટ નિરાશાજનક રહ્યા હશે, કેમ કે તેમને ટ્વિટરની કમાન સંભાળ્યાના હજૂ ફક્ત ૨ મહિના જ થયા છે. તાજેતરમાં મસ્કે કહ્યું હતું કે, તે પોતાના કરાવેલા પોલના રિઝલ્ટનું પાલન કરશે અને જો યુઝર્સ ઈચ્છે તો ટ્વિટરના સીઈઓ પદેથી રિઝાઈન કરી દેશે. જો કે, અબજોપતિ ઉદ્યોગપતિએ એ નથી બતાવ્યું કે, તે ક્યારે પોતાના કહ્યા પ્રમાણે પાલન કરશે. સાથે જ તેમને એ પણ જણાવ્યું છે કે, હાલમાં કોઈ ઉત્તરાધિકારી નથી.

## દેશની બેન્કો આપઘાતને માર્ગે તો નથીને...?

૧૯૬૯માં બેન્કોનું રાષ્ટ્રીયકરણ થયું તે સાથે જ ગલીએ ગલીએ બેન્કો ફૂટી નીકળી. એ પછી છેલ્લાં થોડાં વર્ષોમાં બેંકોનાં મર્જરનો પવન ફૂંકાયો. મર્જરથી બેંકોનાં મજબૂતીકરણનો ખ્યાલ સરકાર રાખે છે ને રાષ્ટ્રીયકરણને વિકલ્પે ફરી એક વખત ઘણાં ક્ષેત્રોમાં ખાનગીકરણનો મહિમા વધ્યો છે. આ બધાંમાં ઠરેલપણું ઓછું અને તઘલખીપણું વધારે છે. છેલ્લે છેલ્લે ૮ નવેમ્બર, ૨૦૧૬ની મધરાતે નોટબંધીનો અખતરો કાળુંનાણું બહાર કઢાવવા થયો. એમાં કાળુંનાણું તો બહુ હાથ ના લાગ્યું, પણ કાળું, ધોળું જરૂર થયું. હજાર, પાંચસોની નોટ એટલે બંધ કરી કે મોટી નોટોનો સંગ્રહ ઘટે, પણ ગમ્મત એ થઈ કે હજારની નોટને બદલે બે હજારની નોટ બહાર પડી, એમાં તો સંગ્રહખોરોને સગવડ થઈ ગઈ. હજારની નોટ જેટલી જગ્યા રોકે એનાં કરતાં બે હજારની અડધી રોકે એવું સામાન્ય બુદ્ધિવાળો પણ સમજી શકે, પણ આ બધા અસામાન્ય બુદ્ધિમત્તાના ખેલ હતા એટલે એમાં સામાન્ય માણસે તો ચાંચ મારવા જેવી જ નથી. એ પછી વધારે અક્કલ તો એમાં વપરાઈ કે ત્રણેક વર્ષથી બે હજારની નોટ છાપવાનું જ બંધ કરાયું. કેમ ? તો કે ૨૦૧૬માં બે હજારી નોટ બહાર પડી એ સાથે જ નકલી નોટ પાકિસ્તાનથી પ્રગટ થઈ. પછી તો કાળુંનાણું પકડવા જેટલા દરોડા પડ્યા, એમાં બે હજારની નોટોના ઢગલા જ સામે આવ્યા. બે હજારની નોટો ચલણમાં નથી દેખાતી એટલે લોકોમાં એવી દહેશત પણ છે કે બે હજારની નોટ બંધ થશે. એ થાય કે ન થાય તે સરકાર જાણે, પણ ચલણમાં મોટી નોટ અત્યારે તો ૫૦૦ની જ દેખાય છે તે હકીકત છે. ખબર નહીં, હવે કયો તુક્કો અજમાવાય છે તે, પણ છેલ્લાં પાંચ વર્ષમાં દેશની બેન્કોએ ૧૦.૦૯ લાખ કરોડની લોન માંડી વાળી છે એ તુક્કો નથી, હકીકત છે. હા, નોન પરફોર્મિંગ એસેટ્સ (એનપીએ) હેઠળ ૧૦,૦૯,૫૧૧ કરોડની લોન માંડી વળાઈ છે. રિઝર્વ બેન્કના નિયમો અનુસાર નફામાંથી આટલી રકમ અલગ કાઢીને પડીકું વાળી દેવાયું છે. આની વધામણી ખાતાં કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમને કહ્યું કે માંડવાળ કરવામાં આવેલ રકમ પરત મેળવવા બેન્કો કાર્યવાહી કરી રહી છે ને પાંચ વર્ષમાં ૧૩ ટકાને હિસાબે ૧,૩૨,૦૨૬ કરોડ પાછા આવ્યા પણ છે. નાણાંમંત્રીએ એ પણ ખુલાસો કર્યો છે કે લોન માંડી વળાય છે એનો અર્થ એવો નથી કે ધિરાણ મેળવનારની જવાબદારી પૂરી થઈ ગઈ છે. બેન્કો તો કાનૂની રાહે લોન મેળવવાના પ્રયત્નો ચાલુ રાખે જ છે. છેલ્લાં પાંચ વર્ષમાં બેન્કોએ ૬,૫૯,૫૯૬ કરોડ પાછા મેળવ્યા છે, જેમાંના ૧,૩૨,૦૨૬ કરોડ માંડવાળ લોન પેટે પરત મળ્યા છે. જોકે, બેન્કો તો લોન પરત નથી આવવાની એમ માનીને જ ચાલતી હોય છે.

લોન નબળી પડે એનો અર્થ એ કે વ્યાજ કે મુદ્દલની ચૂકવણી અટકી ગઈ છે. ચાર વર્ષમાં લોનની બાકી રકમ અને વ્યાજની રકમ બેન્ક, નફામાંથી અલગ કાઢે છે. એ પછી પણ લોન ને વ્યાજની રિકવરીના પ્રયત્નો ચાલુ રહે છે, જો કોઈ રકમ પરત આવે છે તો એ નફામાંથી અલગ કરાયેલી રકમમાં એડજસ્ટ કરાય છે. ક્યારેક બેન્કો સિક્યુરિટી તરીકે બેન્ક પાસે મુકાયેલ મિલકતની નીલામી કરીને પણ રકમ વસૂલતી હોય છે અને એ રીતે આવેલી રકમ પણ નફામાંથી અલગ કઢાયેલ રકમમાં એડજસ્ટ કરાય છે. લોન માંડવાળ કરનાર ટોચની પાંચ બેન્કોમાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના ૨,૦૪,૪૮૬ કરોડ, પંજાબ નેશનલ બેન્કના ૬૭,૨૧૪ કરોડ, બેન્ક ઓફ બરોડાના ૬૬,૭૧૧ કરોડ, યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયાના ૫૬,૧૩૨ કરોડ અને આઈસીઆઈસીઆઈના ૫૦,૫૧૪ કરોડ છે. આ રીતે અપાયેલી લોનમાં બેન્કોના અધિકારીઓ કે કર્મચારીઓએ નીતિ વિષયક નિર્ણયો લેવામાં ભૂલ કરી હોય કે લોન પાસ કરવામાં ગ્રાહકની તરફેણ કરી હોય તો તેમની સામે પણ કાર્યવાહી કરવામાં આવે છે ને ૩૩૧૨ જેટલા ઉચ્ચ અધિકારીઓ કે કર્મચારીઓ સામે છેલ્લાં પાંચ વર્ષમાં કાર્યવાહી કરવામાં આવી પણ છે. આમાં માત્ર અધિકારીઓ જ સંડોવાયા હોય એવું નથી. રાજકીય પક્ષો કે નેતાઓ કે ઉદ્યોગપતિઓ પણ બેન્કો ઉપર જોખમ ઊભું કરવામાં પાછું વળીને જોતાં નથી. આ માટે અધિકારીઓ જવાબદાર હોય ને તેમની સામે શિક્ષાત્મક પગલાં લેવાય તો પણ, જે જંગી રકમ સંડોવાઈ હોય એ પરત આવવાના પ્રશ્નો તો રહે જ છે. એક તરફ અબજો અબજોની લોન લઈને ઉદ્યોગપતિઓ ભાગી જાય છે ને બીજી તરફ કોઈ યુવાનને આઠ દસ લાખની લોન મેળવવાનું મુશ્કેલ થઈ પડે છે. એક તરફ અબજો રૂપિયા ઉદ્યોગપતિઓ ડુબાડે છે ને સિક્યુરિટી તરીકે મુકાયેલ મિલકતોની નીલામી પછી પણ પૂરી લોન વસૂલ થઈ નથી શકતી, તો પ્રશ્ન થાય કે કોના જીવ ઉપર અબજોની લોન આવી વ્યક્તિઓને ધીરવામાં આવી છે ? બીજી તરફ આઠ દસ લાખની લોન મેળવવા ઈચ્છુક યુવાન પાસે ઉત્તમ પ્રકારની યોજના અને સ્કિલ હોય છે, પણ તેની પાસે સિક્યુરિટી તરીકે મૂકવા માટે કોઈ મિલકત કે ડોક્યુમેન્ટ્સ નથી હોતાં. એ લોન ડુબાડે એમ નથી, પણ તેને લોન મળતી નથી, તેને થોડો ટેકો મળે તો તે ઘણું કરી શકે એમ છે, પણ ડોક્યુમેન્ટ્સના અભાવમાં તે પાછો પડે છે ને પેલા ઉદ્યોગપતિઓ બધી જ ફોર્માલિટીઝ પૂરી કરે છે, છતાં તેની લોન બેડ લોનમાં ફેરવાઈને જ રહે છે, કારણ તેનો હેતુ જ લોન અને વ્યાજ ભરપાઈ કરવાનો નથી. તે ગરીબ નથી, પણ પૈસા પરત કરવાની તેની દાનત નથી. રિઝર્વ બેન્કના આંકડા જ કહે છે કે ૨૦૨૧-૨૨માં આ રીતે ૪૦ હજાર કરોડ રૂપિયા કૌભાંડીઓને સોંપવામાં આવ્યા હતા ને આ આંકડો ૨૦૨૦-૨૧માં તો ૮૧ હજાર કરોડનો હતો.

આટલી રકમ કયા આધારે ને કોના કહેવાથી કોને અપાય છે તે તો આપનાર ને લેનાર જ જાણે, પણ આ રીતે બેફામ લોન આપવાનું ઉત્તેજન સરકારે પણ આપ્યું છે તેની ના પાડી શકાશે નહીં. વધારે દૂર ન જતાં ૨૩ મે, ૨૦૨૦ના રોજ નાણામંત્રીએ બાપોકાર જાહેર કર્યું હતું કે સીબીઆઈ, સીવીસી, કે સીએજીથી ડર્યા વગર જાહેર ક્ષેત્રોની બેન્કો લોન આપે. જાહેર ક્ષેત્રની બેન્કો અને નાણાંકીય સંસ્થાઓના મુખ્ય કાર્યકારી અધિકારીઓની બેઠકમાં નાણામંત્રીએ છડેચોક કહ્યું હતું કે બેન્કોએ લોન આપતાં ડરવું નહીં. કારણ કે સરકાર તરફથી એ વાતની ૧૦૦ ટકા ગેરંટી આપવામાં આવે છે કે લોન અંગેનો નિર્ણય લેવામાં કોઈ ભૂલ થાય છે કે કોઈ નુકસાન જાય છે, તો તે વ્યક્તિગત અધિકારી કે બેન્ક વિરૂધ્ધ નહીં જાય. આટલી ખાતરી સરકાર જ આપતધ્ હોય તો બેન્કો બેફામ લોન આપે અને રિકવરીની ચિંતા ન કરે તો તેનો શો વાંક કાઢવાનો ? વચ્ચેના ગાળામાં રિઝર્વ બેન્કે પણ ધિરાણની નીતિઓમાં ભારે ઉદારતા દાખવીને લોન માટે લોકોને આકર્ષવાના ઘણાં પ્રયત્નો કર્યાં છે. આડેધડ ધિરાણને આમ ઉત્તેજન અપાતું હોય તો એનપીઓનો આંક આઘાતજનક રીતે વધે એમાં નવાઈ નથી. ગ્રાહકોને ખાતરી હોય કે લોન માંડી વાળવામાં આવશે ને અધિકારીઓને પણ વિશ્વાસ હોય કે લોન આપવામાં થતી ભૂલ કે ગ્રાહકની થતી ફેવર જો માફ થવાની હોય તો તે જાણી જોઈને બેદરકારી દાખવે કે કમિશન ખાઈ ભ્રષ્ટાચાર કરે તો તેને રોકવાનું મુશ્કેલ છે. એક તરફ દેવા માફીની ને બીજી તરફ અધિકારીઓને ભૂલ બદલ માફી આપવાની વાત હોય તો ૩૩૧૨ જેટલા અધિકારીઓને જવાબદાર ઠેરવવાનો કોઈ અર્થ ખરો ? એક તરફ માફી અને બીજી તરફ સજાની બેવડી નીતિ સરકારની વિશ્વસનીયતાને જોખમમાં મૂકે છે. આ ઠીક નથી.

એક વાત સ્પષ્ટ છે કે કોઈ પણ લોન પરત આવે એ હેતુથી જ અપાતી હોય છે. એ લોન છે, દાન નથી. લોન વ્યાજ સાથે પરત આવે એ સિવાયની બધી જ વાતો નિરર્થક છે. લોનધારકને બેન્કો લોન આપીને તેના ધંધા ઉદ્યોગના વિકાસમાં મદદરૂપ થાય છે. હવે જો ધંધાનો વિકાસ થતો હોય તો લોનધારકની નૈતિક ફરજ છે તે લોન વ્યાજ સહિત પરત થાય એ જોવાની. બેન્કોની પણ એ જવાબદારી બને છે કે લોનની રકમ વ્યાજ સહિત લોનધારક ભરપાઈ કરે તે જુએ. મંદી કે અન્ય આફતોને કારણે લોનધારક લોન ભરપાઈ કરવામાં મોડો પડે તો તેની હપ્તાની મુદત વધારી શકાય, પણ લોન પરત આવે તે તો બેન્કે જોવાનું રહે જ છે. લોનધારક મૃત્યુ પામે ને લોન પરત આવે એવી કોઈ શક્યતા જ ન હોય તે સંજોગોમાં લોન માંડવાળ કરવી પડે એ સમજી શકાય. લાખો કરોડની લોન માંડી વાળવામાં એવું કોઈ કારણ તો નથી દેખાતું. ટૂંકમાં, ૧૦.૦૯ લાખ કરોડની લોનની રકમ વસૂલ ન કરવાની વૃત્તિ કે લોન ભરપાઈ ન કરવાની દાનત જરા પણ સહજ અને ક્ષમ્ય નથી. બેન્કો અને લોનધારકની પરસ્પર વફાદારીના અભાવમાં જ આ શક્ય છે. એવું નથી લાગતું કે અપ્રમાણિકતા અને અસત્ય જ હવે રાષ્ટ્રીય ચરિત્રની ઓળખ છે ?

# પી.પી.સવાણી ગ્રુપ દ્વારા પિતા વિહોણી ૩૦૦ દિકરીઓનો ૨૪-૨૫ ડિસેમ્બરે ભવ્ય લગ્નોત્સવ યોજાશે

## એક લાખથી વધુ લોકો સ્વૈચ્છિક અંગદાનનો સંકલ્પ લઈને અનોખો રેકોર્ડ નોંધાવશે : આ સમૂહ લગ્ન સમારોહમાં સવાણી પરિવારના બે દીકરા પણ લગ્નગ્રંથિથી જોડાશે




(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૨૩

વિવાહ પાંચ ફેરાના, સંબંધ ભવોભવના, લાગણીના વાવેતર, સંવેદના એક દિકરીની, દિકરી દિલનો દીવો, પારેવડી, લાડકડી, પાનેતર, મહિયરની ચૂંદડી અને ૨૦૧૨થી શરૂ થયેલી આ પવિત્ર પરિણય યાત્રામાં હવે 'દીકરી જગત જનની' જોડાશે. આ બધા નામ માટે કોઈને પરિચય આપવાની જરૂર નથી કેમ કે બધા જ જાણે છે આ બધા શિર્ષક પી.પી. સવાણી દ્વારા થતા પિતાવિહોણી દિકરીઓના સમૂહલગ્નના છે. અને એ રીતે પી.પી. સવાણીના મહેશભાઈ સવાણી અત્યાર સુધીમાં પિતાની છત્રછાયા ગુમાવી ચુકેલી હજારો દિકરીઓના પાલક પિતા બની ચૂકયા છે. પી.પી.સવાણી પરિવાર દ્વારા આજ સુધી લગભગ ૪૫૭૨ દીકરીઓનું કરિયાવર સાથે કન્યાદાન કરવામાં આવ્યુંછે. છેલ્લા એક દાયકાથી અવિરત પ્રજ્વલિત થયેલા આ સેવાયજ્ઞ થકી અનેકને પ્રેરણા મળી છે અને આ પ્રકારના અનેક લગ્ન સમારોહ સમગ્ર ગુજરાત અને બીજા રાજયમાં પણ યોજાઈ રહ્યા છે.

પિતા વિહોણી દિકરીઓના ભવ્ય લગ્ન સમારોહની શરૂઆત કરનાર પી.પી.સવાણી ગ્રુપ દ્વારા દરવર્ષની જેમ આ વર્ષે પણ ૩૦૦ દિકરીઓના લગ્ન આગામી તા.૨૪ અને ૨૫ ડિસેમ્બર શનિ - રવિવારના રોજ પી.પી.સવાણી ચૈતન્ય વિદ્યાસંકુલ, અબ્રામા ખાતે સાંજે ૫ વાગ્યે યોજાશે. બંને દિવસે ૧૫૦-૧૫૦ લગ્ન થશે. આજ સમારોહમાં તા. ૨૫ ડીસેમ્બરના રોજ સવાણી પરિવારના બે દિકરા સ્નેહ રાજુભાઈ સવાણી અને મોનાર્ક રમેશભાઈ સવાણી પણ લગ્નગ્રંથિથી જોડાશે. સેવાના આ યજ્ઞ જેવા ઉદાત કાર્યમાં સહભાગી તરીકે આ વર્ષે પી.પી.સવાણી પરિવાર સાથે જાનવી લેબગ્રોન ગ્રુપના લખાણી પરિવાર જોડાયો છે.

"દીકરી જગત જનની"ના નામે આયોજિત આ કાર્યક્રમ અનેક રીતે વિશેષ બનવાનો છે. આજે યોજાયેલી એક પત્રકાર પરિષદમાં પી. પી. સવાણી ગ્રુપના મહેશભાઈ સવાણીએ જણાવ્યું હતું કે આ વર્ષે અમે દિલીપદાદા દેશમુખના અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ, નિલેશભાઈ માંડલેવાલાના ડોનેટ લાઈફ ફાઉન્ડેશન અને પિયુષભાઈ ગોંડલીયાના જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશનના સહયોગથી અંગદાન સંકલ્પનો અનોખો કાર્યક્રમ કરવા જઈ રહ્યા છીએ. જેમાં એક લાખ લોકો અંગદાનનો સંકલ્પ લેશે. અંગદાન અંગે જાગૃતિ માટે અને અંગદાન સંકલ્પ અંગે અમે અગાઉથી જ સહમતી લઈ લીધી છે. સાથે જ આ લગ્ન પ્રસંગના કાર્યક્રમમાં દીપ પ્રાગટ્ય એવા પરિવારના સભ્યો કરશે જેમના પરિવારમાંથી અંગદાન થયું છે અથવા અંગદાન મેળવ્યું છે. એક સાથે એક સ્થળે એક લાખ લોકો અંગદાનનો સંકલ્પ લેશે એ એક નવો રેકોર્ડ બનશે અને આ એક વધુ સિદ્ધિ સુરતના નામે લખાશે. આ સાથે પિતાની છત્રછાયા ગુમાવનાર હજારો બાળકોના શિક્ષણ, આરોગ્ય અને લગ્નની સંપૂર્ણ જવાબદારી નિભાવનાર પી.પી.સવાણી પરિવાર એક નવું ક્રાંતિકારી પગલું લેવા જઈ રહ્યા છે. આ અંગે વિગતો આપતા પી.પી. સવાણી પરિવારના રમેશભાઈ અને રાજુભાઈ સવાણીએ જણાવ્યું હતું કે, CFE-કોટા સાથે મળીને અનાથ, દિવ્યાંગ કે આર્થિક રીતે નબળા પરિવારના ૧૦૦૦ બાળકોને દત્તક લઈને એમને મેડિકલ, એન્જીનીયરીંગ, સીએ જેવી ઉચ્ચ અભ્યાસના પ્રવેશ માટેની પરીક્ષાની તૈયારી કરાવાશે. આ કાર્યક્રમનું લોન્ચિંગ લગ્ન સમારોહ દરમ્યાન થશે. એક સાથે આટલા બાળકોને દત્તક લઈને તૈયારી કરાવવાનું કાર્ય પણ ઐતિહાસિક પગલું છે. મહેશભાઈ સવાણીએ વધુમાં જણાવ્યું હતું કે, અમે કરિયાવર તો આપીએ જ છીએ, સાથે જ લગ્ન પછી પણ દીકરીની તમામ જવાબદારી પણ નિભાવીએ છીએ. ઉલ્લેખનીય છે કે પી.પી. સવાણી પરિવાર પિતાની છત્રછાયા ગુમાવી ચુકેલી દીકરીઓના લગ્ન જ કરાવે છે એવું નથી, પણ એવા પરિવારની શિક્ષણ, આરોગ્યની તમામ જવાબદારી નિભાવે છે. પી.પી. સવાણી પરિવાર સામાજિક, શૈક્ષણિક અને આરોગ્ય ક્ષેત્રે અનેકવિધ સામાજિક કાર્યો કરે છે એ સૌ જાણે છે.

### મુખ્યમંત્રી સહિત કેબિનેટ અને રાજયકક્ષાના મંત્રીશ્રીઓની હાજરી

આ કાર્યક્રમમાં ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીયમંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયા, કેન્દ્રીયમંત્રી પુરષોત્તમભાઈ રૂપાલા, કેન્દ્રીયમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોષ, ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ, રાજય સરકારના મંત્રી ઋષિકેશ પટેલ, મંત્રી કુબેરભાઈ ડીંડોર, મંત્રી હર્ષભાઈ સંઘવી, મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા, મંત્રી મુકેશભાઈ પટેલ સહિત અનેક રાજકીય મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

### લગ્ન સમારોહ પુ.પ્રમુખ સ્વામીને અર્પણ

આ વર્ષેનો સમગ્ર લગ્ન સમારોહ પરમ પૂજ્ય શ્રી પ્રમુખસ્વામી મહારાજની જન્મ શતાબ્દી પર્વને સાદર અર્પણ કરાયો છે. પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજની પુણ્ય સ્મૃતિને આ ૩૦૦ દીકરીઓ અને એમનો પરિવાર વંદન કરશે. સાથે જ આઝાદીના અમૃત મહોત્સવને પણ પીપી સવાણી પ્રેરિત સેવા સંગઠન દ્વારા યાદ કરાશે.

### વિધવા બહેનોને હવે ૭૫૦૦નું વળતર મળશે

સેવા સંગઠન એ પી.પી.સવાણીના આંગણે પરણેલી દિકરી અને જમાઈઓએ શરૂ કરેલું ગ્રુપ છે જેમાં હવે અનેક લોકો જોડાયા છે અને એક મિસ્ડ કોલ કરીને જોડાઈ પણ શકે છે. સેવા સંગઠનમાં સભ્યના મૃત્યુ પછી વિધવા બેનને અત્યારસુધી ૫૦૦૦ રૂપિયા મહિને પેન્શન આપવામાં આવે છે. એ પેન્શન હવે ૭૫૦૦ રૂપિયાનું મળશે. સેવા સંગઠન પોતાના સભ્ય અને પરિવાર માટે વિધવા સહાય, મેડિકલ સહાય, શિક્ષણ સહાય, દીકરીના લગ્ન, વીમો, લોન આપવા જેવા અનેક કાર્યો કરે છે.

### ૫૦૦૦ હાથોમાં રૂડી મહેંદી મુકાશે

લગ્ન ઉત્સવમાં દરવર્ષની જેમ આ વર્ષે પણ મહેંદી મૂકવાનો કાર્યક્રમ ભવ્ય રીતે ઉજવાશે. તાઃ ૨૨ ડીસેમ્બર ને ગુરૂવારથી સવારે ૯.૦૦ કલાકથી પી.પી.સવાણી ચૈતન્ય વિદ્યાસંકુલ, અબ્રામા ખાતે મહેંદી રસમની શરૂઆત થયેલ છે. લગભગ ૫૦૦૦થી વધુ હાથોમાં મહેંદી મુકાવેલ છે. આ વખતે ગુજરાતના એક ડઝન ખ્યાતનામ ગાયક કલાકારો સાથે સાથે સંગીત અને રાસ-ગરબાની રમઝટનો કાર્યક્રમ ગત ૧૮મી તારીખે રવિવારે ઉજવાઈ ગયો હતો.

### ધર્મ મુજબ લગ્નવિધિ થશે : એક દિવ્યાંગ દિકરીના પણ લગ્ન

એક જ મંડપમાં લગ્ન કરનારી આ દિકરીઓની પસંદગી માટે પણ લાંબી કવાયત હાથ ધરીને ચોક્કસ નિયમો મુજબ પસંદગી કરવામાં આવી છે. પી.પી.સવાણી ગ્રુપદ્વારા યોજાતા સમૂહ લગ્નમાં દરેક ધર્મની દિકરીઓ જોડાય છે અને એમના ધર્મની રિતી મુજબ જ લગ્ન કરાવવામાં આવે છે. હિંદુ, મુસ્લિમ, શીખ, ઈસાઈની દરેકના ધર્મ મુજબ થશે. આ સમારોહમાં એક દિવ્યાંગ(મૂકબધિર) દિકરી પણ પ્રભુતામાં પગલા પાડશે. લગ્નોત્સવમાં મહારાષ્ટ્રીયન, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ સહિત દેશભરમાંથી દિકરીઓ જોડાતા આ અવસર વિવિધતામાં એકતાની સંસ્કૃતિને ઉજાગર કરી રહ્યો છે.

### ૧૧ દીકરીઓનું કન્યાદાન જીવાણી પરિવાર કરશે

મહેશભાઈ સવાણીના સેવાકાર્યની સુગંધ ચોતરફ ફેલાય રહી છે જેના દ્વારા અનેક પ્રેરિત થઈ રહ્યા છે અને સેવા યજ્ઞમાં જોડાય રહ્યા છે. ૩૦૦ દિકરીના આ સમૂહલગ્નમાં ગારિયાધારની ૧૧ દિકરીઓની સ્વૈચ્છિક તમામ જવાબદારીઓ અને ખર્ચ જલ્પા ડાયમંડના વલ્લભભાઈ જીવાણી દ્વારા કરાશે. આ તમામ દિકરીઓનું કન્યાદાન પણ જીવાણી પરિવાર દ્વારા કરવામાં આવશે.

---

## શ્રી ધર્મભક્તિ જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ દ્વારા

# રાષ્ટ્રીય ગણિત દિવસની વિવિધ સ્થળોએ કરવામાં આવેલ ઉજવણી



(મિનાક્ષી ભાસ્કર વૈદ્યદ્વારા)

પ્રભાસપાટણ તા. ૨૩

ગુજરાત કાઉન્સીંલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રસ્થાપિત શ્રી ધર્મ ભક્તિ જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ દ્વારા રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી કરવામાં આવેલ હતી. આ અંગે માહિતી આપતા લોકવિજ્ઞાન કેન્દ્રના કો-ઓર્ડીનેટર નરેશભાઈ એન. ગુંદરણીયાએ તેમના પ્રવચનમાં જણાવેલ કે શ્રીનિવાસ રામાનુજનનો જન્મ ૨૨ ડિસેમ્બર ૧૮૮૭ના રોજ મદ્રાસમાં થયો હતો. બાળપણથી જ તેમને ગણિત પ્રત્યે ઘણો લગાવ હતો, રાષ્ટ્રીય ગણિત દિવસ એ રામાનુજનની મહાન સિદ્ધિઓને યાદ કરવાનો અને આપણા રોજિંદા જીવનમાં ગણિતના મહત્વ ઉપર પ્રતિબિંબિત કરવાનો પ્રસંગ છે. ૩,૦૦૦થી વધુ પ્રમેયો સાબિત કરીને તેમને વિશ્વના સૌથી મહાન ગણિતશાસ્ત્રીઓમાંના એક તરીકે ગણવામાં આવે છે. યુવા પેઢીને આ ગણિત પ્રતિભાના જીવન અને તેમની સુવર્ણ સિદ્ધિઓથી પ્રેરિત કરવા માટે, ભારત સરકારે ૨૨મી ડિસેમ્બરને ૨૦૧૨થી રાષ્ટ્રીય ગણિત દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી છે. જે અંતર્ગત લોક વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ ખાતે તથા જુદી જુદી શાળાઓમાં વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા આજના ગણિત દિવસની ઉજવણી કરવામાં આવેલ છે.

ત્યારબાદ લોકવિજ્ઞાન કેન્દ્ર ખાતે સાયન્સ કોમ્યુનીકેટર ધર્મેશભાઈ મકાણી દ્વારા બાળકોને શ્રીનિવાસ રામાનુજનના જીવનકવન વિષે એક શોર્ટ વીડીયો ફિલ્મ બતાવવામાં આવેલ હતી. ત્યારબાદ ગાણિતિક મોડેલો બનાવતા શીખવવામાં આવેલ. આ તકે શ્રીનિવાસ રામાનુજન વિષે વકતૃત્વ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવેલ હતું જેમાં ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ તથા એકથી ત્રણ નંબરને શીલ્ડ આપી સન્માનિત કરવામાં આવેલ હતા. તથા ચગિયા પ્રાથમિક શાળા મુકામે ત્રણ અલગ અલગ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું તેમાં વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને ગાણિતિક મોડેલ નિર્માણ સ્પર્ધાનું આયોજન કર્યું હતું. આ સ્પર્ધામા ધોરણ ૬ થી ૮ નાં ૬૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. એમાં વકૃત્વ સ્પર્ધામાં પરમાર ભાવિક ધોરણ ૭ પ્રથમ, વાઢેર સોનલબેન ધોરણ ૭ દ્વિતીય અને વાળા પારૂલબેન ધોરણ ૮ તૃતીય નંબર મેળવેલ હતો. નિબંધ સ્પર્ધામાં વાળા હાર્દિક ધોરણ ૮, દ્વિતીય સ્થાન મેળવનાર વાઢેર સોનલબેન ધોરણ ૭, અને ત્રિતીય સ્થાન મેળવનાર વાળા પારૂલબેન ધોરણ ૭ નો સમાવેશ થાય છે. ગાણિતિક મોડેલમાં પણ પ્રથમ સ્થાન મેળવનાર બારડ સ્નેહાબેન ધોરણ ૭, બીજું સ્થાન મેળવનાર વાઢેર ધરતીબેન ધોરણ ૭ અને ત્રીજું સ્થાન મેળવનાર બારડ રિતિકાબેનનો સમાવેશ થાય છે. આ બધા જ વિદ્યાર્થીઓને ઈનામ રૂપે એક એક ફોલ્ડર ફાઈલ, ચોપડો, બોલપેન અને પાઉચ આપવામાં આવ્યું હતું.

આ સમગ્ર પ્રોગ્રામનું સંચાલન ચગીયા શાળાના ગણિત વિજ્ઞાનનાં શિક્ષક કકુભા રાઠોડ, દિલીપભાઈ ચાવડા અને મહેશભાઈ ઝાલાએ કર્યુ હતું. શાળાના આચાર્ય બંસીનાથ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહી બાળકોનો હોંસલો વધારેલ હતો.

તેમજ શ્રી કૃષ્ણ વિદ્યાલય પ્રાથમિક શાળા - ભાલકા ખાતે પણ રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી પ્રસંગે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું તેમાં વકૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને ગાણિતિક મોડેલ નિર્માણ સ્પર્ધાનું આયોજન કર્યું હતું. આ સ્પર્ધામા ધોરણ ૬ થી ૮ નાં ૧૩૫ જેવા બાળકોએ ભાગ લીધો હતો. એમાં વકૃત્વ સ્પર્ધામાં નાઘેરા મિત ધોરણ ૮ પ્રથમ, ટાંક સુધાંશુ ધોરણ ૮ દ્વિતીય અને બોરખતરિયા ધાર્મિક ધોરણ ૭ તૃતીય નંબર મેળવેલ હતો. તેમજ બહેનોમાંથી પ્રથમ નંબર ફોફંડી પ્રતિભાબેન ધોરણ ૮, દ્વિતીય નંબર ગોહિલ દક્ષિતાબેન ધોરણ ૭, તૃતીય નંબર ઉપર અપારનાથી જીયાબેન ધોરણ ૬, તેમજ આતંકી શાળાના આચાર્ય ઉષાબહેન મોર તેમજ ટ્રસ્ટી નારણભાઈ મોર તેમજ ગણિત-વિજ્ઞાનના શિક્ષક પરમાર મનોજભાઈ તથા શિક્ષકગણએ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહી બાળકોનો ઉત્સાહમાં વધારો કર્યો હતો. આ તમામ કાર્યક્રમનું સંકલન લોક વિજ્ઞાન કેન્દ્રના એકેડેમી કો-ઓર્ડીનેટર વિજયભાઈ કોટડીયા દ્વારા કરવામાં આવેલ હતું.

---

## રીજીયોનલ સાયન્સ સેન્ટર, રાજકોટ ખાતે

# 'રાષ્ટ્રીય ગણિત દિવસ'ની ઉજવણી કરાઈ



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૨૩

ગુજરાત સરકાર દ્વારા વિજ્ઞાન અને પ્રોધ્યોગિકી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ગુજકોસ્ટ) દ્વારા રીજીયોનલ સાયન્સ સેન્ટર -રાજકોટને, ઈશ્વરીયા પાર્ક ખાતે તા. ૨૨ ડીસેમ્બર ૨૦૨૨ના રોજ ભારતના મહાન ગણિતશાસ્ત્રી એવા "શ્રીનિવાસ રામાનુજન"ની જન્મજયંતીને દેશભરમાં "રાષ્ટ્રીય ગણિત દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. આ નિમિત્તે રીજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટ ખાતે શ્રી ઓ.વી.શેઠ, પ્રાદેશિક લોકવિજ્ઞાન કેન્દ્ર, રાજકોટના સંયુક્ત ઉપક્રમે "રાષ્ટ્રીય ગણિત દિવસ" ની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગણિત વિષયના રોચક વ્યાખ્યાનો નું આયોજન કરવામાં આવેલ હતું.

કાર્યક્રમના શરૂઆતમાં સાયન્સ સેન્ટરના આઈ.સી.ટી. ઓફિસર શ્રી તુષાર ચાવડા અને સેન્ટરના પ્રોજેક્ટ ડીરેકટર ડો. સુમિત વ્યાસ દ્વારા રાષ્ટ્રીય ગણિત દિવસ અંગે પ્રારંભિક ઉદબોધન કરવામાં આવેલ હતું. આ ઉજવણી અંતર્ગત ઉપલેટાની હાયર સેકન્ડરી સ્કુલમાં ગણિતના શિક્ષક તરીકે ફરજ બજાવતા શ્રી ભાવેશભાઈ પાઠક સાહેબ તેમજ સૌરાષ્ટ્ર હાઈ સ્કુલના ભૂતપૂર્વ પ્રાધ્યાપક ડો. જી. એફ. મહેતા મુખ્ય મહેમાન તરીકે તથા રાજકોટના લોક વિજ્ઞાન કેન્દ્રના પ્રતીનીધીશ્રી ગૌતમભાઈ લીંબાડીયા ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં શ્રી ભાવેશભાઈ પાઠક દ્વારા શ્રીનિવાસ રામાનુજનના જીવન અંગેનું રસપ્રદ જ્ઞાન આપવામાં આવેલ તથા વિદ્યાર્થીઓ સાથે 'મેજીક નમ્બર' એકટીવીટી કરાવવામાં આવી. ડો. જી. એફ. મેહતા સાહેબ દ્વારા 'મેથેમેટિક્સ પઝલ' અને 'ફ્ન વિથ મેથ્સ' જેવી રસપ્રદ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી. આ ઉપરાંત વિદ્યાર્થીઓના સારા પ્રતિસાદને લઈને વસ્તુઓના આકાર પાછળનું ગણિત તથા શ્રી ઓ.વી.શેઠ, પ્રાદેશિક લોકવિજ્ઞાન કેન્દ્ર, રાજકોટના પ્રતીનીધીશ્રી ગૌતમભાઈ લીંબાડીયા દ્વારા મેથેમેજીક પ્લેઈંગ કાર્ડ ગેસિંગ પ્રવૃત્તિ કરાવવામાં આવી. આ કાર્યક્રમમાં વિવિધ સ્કુલોના આશરે ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભાગ લીધો હતો.

કાર્યક્રમના અંતે આ સેન્ટરના મલ્ટી ફંકશન રૂમ ખાતે શ્રીનીવાસન રામાનુજનના જીવન ચરિત્ર અંગેની શોર્ટ ફિલ્મનું પ્રસારણ કરવામાં આવેલ હતું જે સેન્ટરમાં ઉપસ્થિત તમામ વિધાર્થીઓએ નિહાળ્યું હતું. આમ આ ગણિત દિવસની સેન્ટર ખાતે ખુબ ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવેલ હતી.

---

## આયુષ્યમાન ભારત કાર્ડ પર લાભ ૫ લાખથી વધારીને ૧૦ લાખ કરવામાં આવ્યો



કેબિનેટની બેઠકમાં રાજ્યમાં લોકોને આરોગ્ય સેવા માટે આયુષ્યમાન ભારત કાર્ડ પર કુલ ખર્ચની રકમ વધારીને ૧૦ લાખ કરી દીધી છે. હાલમાં દરેક પરિવારના સભ્યને ૫ લાખ સુધીનો સારવાર સહિતનો ખર્ચ કરી શકે છે.

## ગુજરાતનું ક્લાઈમેટ બદલાયું, બે દિવસ પછી સામાન્ય ઠંડી પડશે!



રાજ્યના હવામાનમાં ફેરફાર થયો છે. હેમંત ઋતુમાં કારતક આખો અને માગસર માસના કૃષ્ણપક્ષની એકાદશી વિતવા સાથે ૨૬ દિવસ પસાર થઈ ગયા તો ડિસેમ્બર પોણો વિતવા આવ્યો છતાં ગુજરાતના ઠંડી જામતી નથી અરબી સમુદ્રમાં સાયક્લોનિક સર્ક્યુલેશનથી ડિપ્રેસનની સીસ્ટમે પવનની દિશા અને દશા બદલી નાંખી હતી પરંતુ, હવે આ સીસ્ટમ પસાર થઈ જવા છતાં પણ સૌરાષ્ટ્ર સહિત ગુજરાતમાં આ સમયે હોય તે સામાન્ય કરતા વધુ તાપમાન નોંધાયું છે. આવું ભાગ્યે જ બનતું હોય છે, ગત વર્ષે પણ નોર્મલથી વધુ તાપમાન રહ્યું હતું જે ક્લાઈમેટ બદલાઈ રહ્યાના અણસાર આપે છે.

## વિધાનસભામાં ઇમ્પેક્ટ ફી બિલને સમર્થન આપતા ધારાસભ્ય ડો. દર્શિતા શાહ



વિધાનસભામાં અનધિકૃત બાંધકામને નિયમિત કરવા વિધેયકને વિધાનસભા ગૃહમાં મુકવામાં આવેલ. ધારાસભ્ય ડો.દર્શિતા શાહ દ્વારા જેને સમર્થન આપવામાં આવેલ. તેઓએ વિધાનસભામાં જણાવેલ કે, સૌપ્રથમ આ વિધેયક ઉપર મારા વિચારો રજુ કરવાની તથા ચર્ચામાં ભાગ લેવાની જે તક મળી છે તે બદલ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ મંત્રીઓ તથા તમામ ધારાસભ્યોનો આભાર માનેલ તેમજ તેઓએ આ વિધેયક બાબત જણાવેલ કે, મંત્રીએ લોકોના જાહેર હિત, ગરીબોની સમસ્યા શોષિતોની સમસ્યા અને લોકોને જે તકલીફ પડી છે તેના હિત માટે તેમજ આમ જનતાને કોઈ તકલીફ ન પડે આમ જનતાને લાભ મળી રહે તે મુખ્ય ઉદ્દેશથી આ વિધેયક લાવવામાં આવ્યું છે જરૂરિયાત મુજબ વધારાનું બાંધકામ સરકારમાં ઓછી ફી ભરી આ બાંધકામને નિયમિત કરવાની તક દરેક જરૂરિયાત મંદોને મળી રહેશે તે આ વિધેયકનો મુખ્ય ઉદ્દેશ છે.

## રાજકોટ મનપા પાસે રસી ઉપલબ્ધ જ નથી : ૯ લાખ લોકો ત્રીજા ડોઝમાં બાકી



રાજકોટ શહેરમાં સૌથી વધુ કોવિશીલ્ડ જ વપરાઈ છે અને જે લોકોએ બંને ડોઝ કોવિશીલ્ડના લીધા હોય તેમણે ત્રીજો ડોઝ પણ તેનો જ લેવો પડે છે. હાલ જો ચાઈનાથી કોરોનાનું જોખમ હોય તો બૂસ્ટર ડોઝ લેવાનો આગ્રહ થઈ રહ્યો છે. પણ હકીકત એ છે કે હાલ એ રસી મનપા પાસે ઉપલબ્ધ જ નથી. હજુ ૯ લાખ કરતા વધુ લોકો વેક્સિનના ત્રીજા ડોઝમાં બાકી છે.

### કોઈ પ્રકારનું ટેસ્ટિંગ-ટ્રેકિંગ થતું નથી

જો કે જેમ-જેમ દૈનિક કોરોના સંક્રમિતોની સંખ્યામાં કમી આવવા લાગી, તેમ-તેમ લોકો બેદરકાર બનતા ગયા અને માસ્ક પહેરવાનું જ ભૂલી ગયા. રાજકોટમાં લોકો કોવિડ નિયમોને નજર અંદાજ કરી રહ્યાં છે. બસ સ્ટેન્ડ રેલવે સ્ટેશન એરપોર્ટ પર કોઈ પ્રકારનું ટેસ્ટિંગ-ટ્રેકિંગ થતું નથી હાલ કોઈ ગાઈડલાઈનનું પાલન પણ થતું નથી. ધાર્મિક કાર્યક્રમ, મેળાવડાઓ અને લગ્નમાં પણ લોકોની ભીડ એકઠી થઈ રહી છે.

